RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 137* Date: 07.03.2023, Tuesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## ગુજરાતમાં કાશ્મીર જેવો માહોલ

# ગાજવીજ અને કરા સાથે ધોધમાર વરસાદ

**જસદણ અને વીંછિયા પંથકના ગામડાંમાં મિની વાવાઝોડા, કરા અને વીજળીના કડાકાભડાકા સાથે ધોધમાર વરસાદ વરસતાં વીજળી ડૂલ થઈ**





રાજકોટ,તા.૬

રાજકોટમાં રવિવારની સાંજે વાતાવરણમાં અચાનક પલટો આવ્યો હતો. બાદમાં અમીન માર્ગ, મવડી રોડ, ૧૫૦ ફૂટ રિંગ રોડ સહિતના અનેક વિસ્તારોમાં મિની વાવાઝોડા સાથે વરસાદી ઝાપટાં પડ્યાં હતાં. લોધિકા, ગોંડલ અને જસદણ પંથકમાં ગાજવીજ તથા કરા સાથે ધોધમાર વરસાદ પડ્યો હતો. જ્યારે રાજકોટ-કોટડાસાંગાણી હાઈવે પર કરાના થર જામતાં કાશ્મીર જેવો નજારો જોવા મળ્યો હતો. હાઈવે પર બરફના થર જામતાં અદભુત દ્દશ્યો જોવા મળ્યાં હતાં.

રાજકોટ-કોટડાસાંગાણી હાઈવે પર કરાનો વરસાદ વરસ્યો હતો અને રોડ પર બરફના થર જામી ગયા હતા. બીજી બાજુ, રાજકોટ શહેરમાં દર વખતની જેમ આ વખતે પણ થોડો વરસાદ વરસતાં જ ફીડર બંધ પડી ગયા હતા અને વીજળી ડૂલ થઈ ગઈ હતી. રાજકોટ શહેરના એચટી-૧ ડિવિઝન હેઠળ આવેલા કુવાડવા, લાતી પ્લોટ અને માર્કેટિંગ યાર્ડ ફીડર ભારે પવનને કારણે બંધ પડી ગયો હતો. આ ઉપરાંત એચટી ર ડિવિઝન હેઠળ મોટી ટાંકી ચોક અને દીનદયાળ ફીડરમાં પણ ફોલ્ટ સર્જાયો હતો. એચટી -૩ ડિવિઝન હેઠળ ગાયત્રી, પુષ્કરધામ, વાવડી, આલાપ, નાનામવા, શાંતિવન, વિદ્યુતનગર ફીડરમાં ભારે પવનને કારણે ફોલ્ટ સર્જાયો હતો.રાજકોટમાં કાલાવડ રોડ પર મિની વાવાઝોડું ફૂંકાયું હોય એવો માહોલ જોવા મળ્યો હતો. ભારે પવનને કારણે દુકાનોનાં બોર્ડ ઊડીને રસ્તા પર ફેંકાયાં હતાં તેમજ ધૂળની આંધી ફૂંકાતાં વાહનચાલકો પરેશાન બન્યા હતા.

ગોંડલ પંથકમાં રીબડા, ભુણાવા સહિતનાં ગામમાં અમીછાંટણાં વરસ્યાં હતાં, જ્યારે કોટડાસાંગાણી તાલુકાના રામોદ ગામે પણ વરસાદ વરસ્યો હતો. જ્યારે મોટામાંડવા અને ગોંડલના ડૈયા ગામે કરા પડતાં લોકોમાં કુતૂહલ સર્જાયું હતું. જસદણ, આટકોટ પંથકમાં પણ મોડી સાંજથી માહોલ બદલાયો હતો અને જોતજોતાંમાં ધોધમાર વરસાદ પડી જતાં રસ્તા પર પાણી ફેલાઈ ગયું હતું. ખેડૂત અગ્રણી કનકસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે કમોસમી વરસાદથી ચણા, ઘઉં, ધાણા અને જીરુના પાકને મોટું નુકસાન થયું છે. ગોંડલના પાંચિયાવદરમાં અડધો ઈંચ વરસાદ ખાબકતાં ઠેર ઠેર પાણી ભરાઇ ગયાં હતાં તેમજ ડૈયા ગામમાં કરા પડ્યા હતા. વાડી-ખેતરમાં પડેલી જણસીમાં ભારે નુકસાન પહોંચ્યું છે.જસદણ અને વીંછિયા પંથકના ગામડાંમાં મિની વાવાઝોડા, કરા અને વીજળીના કડાકાભડાકા સાથે ધોધમાર વરસાદ વરસતાં વીજળી ડૂલ થઈ જતાં લોકોએ હાલાકી ભોગવવી પડી હતી તેમજ વરસાદથી તૈયાર પાક બચાવવા ખેડૂતોએ ખેતર તરફ દોટ મૂકી હતી, પરંતુ ભારે પવન અને કરાને કારણે ખેડૂતો પોતાની નજર સામે પાક પલળતો જોવા મજબૂર બન્યા હતા. જસદણમાં રવિવારની રાત્રે કરા સાથે ધોધમાર વરસાદ પડતાં જસદણ માર્કેટિંગ યાર્ડમાં ધાણા, જીરુ, રાયડો, ચણા સહિતના પાકના ઢગલા પાણીમાં તણાઈ ગયા હતા. જસદણ પંથકના ખેડૂતો જણસીનો પાક વેચાણ માટે લાવ્યા હતા. અનેક ખેડૂતોનો હાથમાં આવેલો કોળિયો કમોસમી વરસાદે છીનવી લીધો હતો, જેને કારણે ખેડૂતોને રાતા પાણીએ રડવાનો વારો આવ્યો છે.

હવામાન ખાતાના જણાવ્યા મુજબ, લોકલ ફોર્મેશનને કારણે કેટલાક વિસ્તારોમાં માવઠું અને પવન તેમજ વીજળીના ચમકારા થયા હતા. અત્યારે નોર્થ સાઉથ ટ્રફ તેમજ હવાના હળવા દબાણનો પટ્ટો હોવાથી વાતાવરણમાં પલટો આવ્યો છે, આથી બુધવાર સુધી માવઠાની આગાહી કરવામાં આવી છે.

## ડેરા સચ્ચા સોદા પ્રમુખ ગુરમીત રામ રહીમને વારંવાર પેરોલ આપવાથી પંજાબમાં કાયદો વ્યવસ્થાની સમસ્યાઓ ઉભી થઈ શકે છે

ચંડીગઢ,તા.૬

પંજાબ સરકારે હાઉ કોર્ટમાં કહ્યું છે કે બે શિષ્યોઓથી દુષ્કર્મના અપરાધમાં ૨૦ વર્ષની જેલની સજા કાપી રહેલ ડેરા સચ્ચા સોદા પ્રમુખ ગુરમીત રામ રહીનને વારંવાર પેરોલ આપવાથી રાજયમાં કાનુન વ્યવસ્થાની સમસ્યાઓ ઉભી થઈ શકે છે.

પંજાબ સરકારે ડેરા પ્રમુખને પેરોલ આપવાની વિરૂધ્ધ શિરોમણી ગુરૂદ્વારા પ્રબંધક સમિતિ (એસજીપીસી)ની અરજી પર જવાબમાં આ જણાવ્યું છે જયારે હરિયાણા સરકારથી આ અરજી પર તેનાથી બિલકુલ અલગ જવાબ આપવામાં આવ્યો હતો.રામ રહીમ સિંહને પેરોલ આપવાનું સમર્થન કરતા હરિયાણા સરકારે કહ્યું હતું કે તે કટ્ટર કેદીની પરિભાષા હેઠળ આવતા નથી અને તેને સીરિયલ કિલર કહી શકાય નહી ડેરા પ્રમુખને ૨૦ જાન્યુઆરીએ ૪૦ દિવસની પેરોલ આપવામાં આવ્યા હતાં.

એસજીપીસીએ પેરોલ આદેશને હાલમાં પંજાબ અને હરિયાણા હાઈકોર્ટમાં પડકાર આપ્યો હતો પંજાબ સરકારે પોતાના જવાબની પાછળ ૨૦૧૭માં દુષ્કર્મના એક મામલામાં હરિયાણાની પંચકુલા અદાલતથી દોષી ઠેરવવા પર ડેરા પ્રમુખના સમર્થકો દ્વારા કરવામાં આવેલા તોફાનોનો હવાલો આપ્યો હતો

તેણે અદાલતમાં એ પણ કહ્યું કે સમાજના કેટલાક વર્ગ ડેરા પ્રમુખને અવારનવાર અસ્થાયી પેરોલ આપવાની સરખામણી તે લોકોથી કરી શકે છે જે લાંબા સમયથી જેલમાં બંધ છે એસજીપીસી સહિત અનેક શિખ સંસ્થાઓએ શિખ કેજીઓની મુક્તિની માંગ કરી છે.તેમણે દાવો કર્યો છે કે સજા પુરી થવા છતાં આ લોકોને જેલમાં રાખવામાં આવ્યા છે.

પંજાબ સરકાર અનુસાર રામ રહીમ સિંહને અવારનવાર પેરોલ આપવાથી ખાસ ધાર્મિક સમુદાયની વચ્ચે અસંતોષ પેદા થઈ ગયા છે અને તેનાથી ડેરા અનુયાયિયોની વચ્ચે ઉજવણીનો માહોલ પેદા થઈ ગયો છે.જેનાથી સમાજના કેટલાક વર્ગ ખુબ નારાજ છે.

એ યાદ રહે કે ૨૦૧૯માં ચાર અન્ય લોકોની સાથે રામ રહીમને ડેરાના એક પ્રબંધક રંજીત સિંહની હત્યાના કાવતરાના દોષિત ઠેરવવામાં આવ્યા હતાં ડેરા પ્રમુખ અને ત્રણ અન્યને ૧૬ વર્ષથી પણ વધુ સમય પહેલા એક પત્રકારની હત્યા માટે ૨૦૧૯માં દોષી ઠેરવવામાં આવ્યા હતાં.

## હોલિકા દહન માટે દાન ઉઘરાવવાના મુદ્દે પ્રગટ્યો દાવાનળ

મેરઠ,તા.૬

ઉત્તર પ્રદેશના મેરઠ જિલ્લાના બ્રહ્મપુરી પોલીસ સ્ટેશન વિસ્તારમાં રવિવારે રાત્રે બે સમુદાયો વચ્ચે થયેલી હિંસક અથડામણમાં છ લોકો ઘાયલ થયા છે. પોલીસના જણાવ્યા અનુસાર, બ્રહ્મપુરી પોલીસ સ્ટેશન વિસ્તારના હરિનગર વિસ્તારમાં બે સમુદાયના લોકો વચ્ચેના ઝઘડાથી શરૂ થયેલો મામલો પથ્થરમારા બાદ ફાયરિંગમાં ફેરવાઈ ગયો હતો. પોલીસે કહ્યું કે બે સમુદાયનો મામલો હોવાથી અફવાઓ ઝડપથી ફેલાઈ અને થોડી જ વારમાં પરિસ્થિતિ તંગ બની ગઈ. સ્થિતિને ધ્યાનમાં રાખીને વિસ્તારમાં હાલ મોટી સંખ્યામાં પોલીસ જવાનો તૈનાત કરવામાં આવ્યા છે.

ઘટનાસ્થળે પહોંચેલા વરિષ્ઠ પોલીસ અધિક્ષક રોહિત સિંહ સજવાને જણાવ્યુ હતુ કે,દારૂ પીધા બાદ બે યુવકો હોલિકા દહન માટે દાન એકત્ર કરી રહ્યા હતા. આ દરમિયાન ત્યાંથી પસાર થતા અન્ય સમાજના યુવકે કોમેન્ટ કરી હતી. જે બાદ બંને વચ્ચે ઝઘડો થયો અને પછી મારામારી પર ઉતરી આવ્યા. યુવકના પાડોશીઓના કારણે પરિવારની મહિલાઓ પણ ઝઘડામાં ઉભી થઈ હતી. બંને તરફથી પથ્થરમારો થતા મામલો ઉગ્ર બન્યો હતો.

માહિતી મુજબ હાલ સ્થિતિ કાબૂમાં છે, તેમજ હજુ સુધી કોઈની ધરપકડ કરવામાં આવી નથી. એસપી સિટી પીયૂષ કુમારે જણાવ્યું હતુ કે આ ઘટનામાં અંકિત નામનો યુવક ગંભીર રીતે ઘાયલ થયો છે. તેને સારવાર માટે જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. આ વિસ્તારમાં અનેક પોલીસ સ્ટેશનોની પોલીસ ફોર્સ તૈનાત કરવામાં આવી છે. હાલમાં સ્થિતિ નિયંત્રણમાં હોવાનુ તેમણે જણાવ્યુ છે. પથ્થરમારો કરનારા આરોપીઓને પકડવા માટે પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

## ભાજપ સરકાર દેશના લોકતાંત્રિક માળખાને હચમચાવવાની કરી રહી છે કોશિશઃ રાઘવ ચઢ્ઢા




નવીદિલ્હી,તા.૬

આમ આદમી પાર્ટીના રાજયસભા સાંસદ રાઘવ ચઢ્ઢાએ કહ્યુ કે ભાજપ સરકાર સરકારી એજન્સીઓનો દુરુપયોગ કરીને દેશના લોકતાંત્રિક માળખાને સતત હચમચાવવાની કોશિશ કરી રહી છે. ભાજપને પણ વિપક્ષી દળ મજબૂત દેખાય તેને ત્યાં સીબીઆઈ-ઈડીને મોકલી દે છે અને તેમના નેતાઓને પકડીને જેલમાં મોકલી દે છે. ચઢ્ઢાએ કહ્યુ કે આજે દેશના નવ મુખ્ય વિપક્ષી નેતાઓએ ઈડી સીબીઆઈની રેડના વિરોધમાં પીએમ મોદીને પત્ર લખ્યો છે. પત્ર લખનારામાં ચાર વર્તમાન મુખ્યમંત્રી એક વર્તમાન ઉપ મુખ્યમંત્રી અને ચાર પૂર્વ મુખ્યમંત્રી સામેલ છે.

રાઘવ ચઢ્ઢાએ વધુમાં કહ્યુ કે મનીષ સિસોદિયાની ધરપકડને લઈને દેશમાં ગુસ્સો છે. એજન્સીઓના વધી રહેલા દુરુપયોગને કારણે તમામ નેતાઓએ સાથે મળીને વડાપ્રધાનને આ પત્ર લખીને સરકારી એજન્સીઓનો દુરુપયોગ કરીને રાજકીય બદલો લેવાનુ બંધ કરવાની અપીલ કરી છે. તેમણે કહ્યુ કે સરકારી એજન્સીઓનો દુરુપયોગ કરીને મોદી સરકાર દેશના વિરોધને ખતમ કરવાનો પ્રયાસ કરી રહી છે. ષડયંત્ર હેઠળ માત્ર વિરોધ પક્ષોના નેતાઓ પર સીબીઆઈ-ઈડી દ્વારા દરોડા પાડવામાં આવી રહ્યા છે. આજે જે રીતે સરકારી એજન્સીઓ પક્ષપાતી રીતે કાર્યવાહી કરી રહી છે તેનાથી દેશની લોકશાહી જોખમમાં છે.

સીબીઆઈ અને ઈડીની કાર્યવાહી પર સવાલ ઉઠાવતા તેમણે કહ્યુ કે ૨૦૧૪થી અત્યાર સુધીમાં સીબીઆઈ દ્વારા નોંધાયેલા ૯૫% કેસ માત્ર વિરોધ પક્ષોના નેતાઓ વિરુદ્ધ જ હતા. યુપીએ દરમિયાન ઈડીએ માત્ર ૧૧૨ જગ્યાએ દરોડા પાડ્યા હતા. પરંતુ મોદી સરકાર દરમિયાન ઈડીએ ૩૦૦૦થી વધુ જગ્યાઓ પર દરોડા પાડ્યા હતા. હાલમાં એક માહિતી સામે આવી છે જેમાં કહેવામાં આવ્યુ છે કે ઈડી દ્વારા નોંધાયેલા તમામ કેસોમાં દોષિત ઠરાવવાનો દર માત્ર ૦.૦૫% છે. એટલે કે કોર્ટમાં લગભગ કેસ નકલી સાબિત થયા. તેમણે વિરોધ પક્ષો દ્વારા શાસિત રાજ્યોમાં રાજ્યપાલની દખલગીરી વિશે પણ વાત કરી અને કહ્યુ કે રાજ્યપાલ દ્વારા કેન્દ્ર સરકાર રાજ્ય સરકારના રોજિંદા કામકાજમાં દખલ કરી રહી છે. લોકશાહી માટે આ ખરાબ સંકેત છે.

## આજે દરેક કોઈ આપને સત્તામાં લાવી અફસોસ વ્યકત કરી રહ્યાં છે : પ્રકાશસિંહ બાદલ

પટિયાલા,તા.૬

પંજાબના પૂર્વ મુખ્યમંત્રી અને શિરોમણી અકાલી દળના વરિષ્ઠ નેતા પ્રકાશ સિંહ બાદલે કહ્યું છે કે પંજાબની વર્તમાન સ્થિતિ દિવસે દિવસે ખરાબ થઇ રહી છે જયારે સરકાર ફકત હાથ પર હાથ રાખી મુક દર્શક બની બેઠી છે જે ખુબ ખરાબ વાત છે.બાદલે પૂર્વ કેબિનેટ મંત્રી અને સીનિયર નેતા સુરજીત સિંહ રખડા,પૂર્વ મંત્રી સિકન્દર સિંહ મલુકા અને અન્ય નેતાઓની સાથે બેઠક દરમિયાન આ વાત કહી હતી.આ બેઠક દરમિયાન બાદલ અને પૂર્વ મંત્રી સુરજીત સિંહ રખડાએ પંજાબના રાજનીતિક સ્થિતિઓ અને પંજાબના વિકાસની બાબતે પણ ખુલ્લા વિચાર ચર્ચા કરી બાદલે કહ્યું કે આજે આમ આદમી પાર્ટીની નાલાયકીને કારણે લોકોને પરેશાનીનો સામનો કરવો પડી રહ્યો છે દરેક તરફ લોકો પરેશાન નજરે પડી રહ્યાં છે અને કાયદો અને વ્યવસ્થા નામની કોઇ પણ વસ્તુ પંજાબમાં જોવા મળી રહી નથી જયારથી આપે સત્તા સંભાળી છે ત્યારથી લોકોની મુશ્કેલી અને દુખ વધી ગયા છે.આજે દરેક કોઇ આપને સત્તામાં લાવી પસ્તાઇ રહ્યાં છે કારણ કે લોકો હવે આપની ખરાબ નીતિઓથી પુરી રીતે માહિતગાર થઇ ચુકયા છે અને આજે દરેક કોઇ અકાલી દળના સમયને યાદ કરી રહ્યાં છે.

આ પ્રસંગે સુરજીત સિંહ રખડાએ કહ્યું કે પંજાબની સ્થિતિ આજે એ રીતની લાગી રહી છે જેવી કે કોઇ પંજાબનો વાલી વારસ જ ન હોય દરેક તરફ ક્રાઈમનો આંક વધી રહ્યો છે અને લોકો ત્રાહિમામ પોકારી ગયા છે.પહેલા કોંગ્રેસે લોકોની લુંટ કરી અને હવે આપ પણ એ જ માર્ગ પર ચાલી લોકોને મુર્ખ બનાવવામાં લાગેલી નજરે પડી રહી છે જેનો અકાલી દળ તરફથી સખ્ત વિરોધ કરવામાં આવશે.તેમણે કહ્યું કે પંજાબના વિકાસના નામ પર દાવા તો મોટા મોટા કરવામાં આવે છે પરંતુ અમલમાં કોઇ એક પણ દાવો નજરે પડી રહ્યો નથી લોકો ફરીથી અકાલી દળને યાદ કરી રહ્યાં છે કારણ કે લોકોને અસલી વિકાસ ફકત અકાલી દળના સમયમાં જ થયો હતો આથી ફરીથી લોકો અકાલી દળને સત્તામાં લાવવાની તૈયારી કરી રહ્યાં છે તેમણે કહ્યું કે લોકોને જરાય નિરાશ કે દુખી થવા દેવામાં આવશે નહીં અને લોકોનની સમસ્યાઓના ઉકેલ અકાલી દળ તરફથી કરવામાં આવશે.

## થાણેના ડોમ્બિવલીમાં જોશીમઠ જેવી સ્થિતિપ' મકાનમાં પડી તિરાડો

મુંબઈ,તા.૬

મહારાષ્ટ્રના થાણે જિલ્લાના ડોમ્બિવલીમાં પાંચ ઈમારતોને વહીવટીતંત્રે સંપૂર્ણપણે ખાલી કરાવી દીધી છે. કહેવામાં આવી રહ્યું છે કે, ઈમારતોના સ્લેબ ઢીલા થઈ ગયા છે. આ સાથે બિલ્ડીંગના થાંભલાઓમાં તિરાડો પડી ગઈ છે. એક અધિકારીના જણાવ્યા અનુસાર લગભગ ૨૫૦ પરિવારોએ તેમના ઘર ખાલી કરી દીધા છે. જ્યારે, કેટલાક લોકો બિલ્ડીંગના બાંધકામમાં હલકી ગુણવત્તાવાળા મટિરિયલનો ઉપયોગ કરાયો હોવાનો આક્ષેપ કરી રહ્યા છે.

અધિકારીઓએ જણાવ્યું કે, શનિવારે રાત્રે ૧૧ વાગ્યે સ્લેબ અને થાંભલાઓમાં તિરાડો જોવા મળી હતી. આ પછી, ફાયર વિભાગ, પોલીસ અને નાગરિક સંસ્થાના કર્મચારીઓ ડોમ્બીવલીના નિલજે સ્થિત પરિસરમાં પહોંચ્યા અને ઈમારતો ખાલી કરાવી હતી. મ્યુનિસિપલ ડેપ્યુટી ફાયર ઓફિસર નામદેવ ચૌધરીએ જણાવ્યું કે, આ ઈમારતો ૧૯૯૮માં બનાવવામાં આવી હતી. આ ઈમારતો કલ્યાણ ડોમ્બિવલી મ્યુનિસિપલ કોર્પોરેશન હેઠળની જોખમી ઈમારતોની યાદીમાં નથી. વોર્ડ ઓફિસરો માળખાકીય તપાસ કર્યા બાદ આ ઈમારતો અંગે નિર્ણય લેશે.

નામદેવ ચૌધરીએ જણાવ્યું કે કોઈ જાનહાનિ કે ઈજા થઈ નથી. તેમણે કહ્યું કે લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા છે અને લોકોને સુરક્ષાના કારણોસર પરિસરથી દૂર રહેવા માટે કહેવામાં આવ્યું છે. અમે તમામ જરૂરી પગલાં લઈ રહ્યા છીએ.

## ઉમેશ પાલ મર્ડર કેસના આરોપીનું એક્કાઉન્ટર, ઉસ્માન ચૌધરીને વાગી ગોળી

પ્રયાગરાજ,તા.૬

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં ઉમેશ પાલ હત્યા કેસમાં વધુ એક એક્કાઉન્ટર થયું છે. આ એક્કાઉન્ટરમાં વિજય કુમાર ઉર્ફે ઉસ્માન ચૌધરીને ગોળી વાગી છે. વિજય કુમાર ઉર્ફે ઉસ્માન ચૌધરીને ઈજાગ્રસ્ત હાલતમાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે ઉસ્માને જ ઉમેશ પાલને પહેલી ગોળી મારી હતી.ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં ઉમેશ પાલ હત્યા કેસમાં પોલીસ કાર્યવાહી ચાલુ છે. હત્યા કેસમાં વધુ એક આરોપીનું એક્કાઉન્ટર થયું છે. આ એક્કાઉન્ટરમાં વિજય કુમાર ઉર્ફે ઉસ્માન ચૌધરીને ગોળી વાગી હતી. ઉસ્માનને ઈજાગ્રસ્ત હાલતમાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે ઉસ્માને જ ઉમેશ પાલને પહેલા ગોળી મારી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, ગત ૨૪ ફેબ્રુઆરીએ પ્રયાગરાજમાં ઉમેશ પાલની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી.કહેવામાં આવી રહ્યું છે કે આ એક્કાઉન્ટર પ્રયાગરાજના કૌંધિયારા વિસ્તારમાં થયું હતું. આ દરમિયાન ઉસ્માન ચૌધરીને ગોળી વાગી હતી. તેને ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર માટે જીઈદ્ર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. ઉમેશ પાલ હત્યા કેસમાં આ બીજું એક્કાઉન્ટર છે. અગાઉ પોલીસે અતીક અહેમદના નજીકના સાથીદાર અરબાઝને એક્કાઉન્ટમાં ઠાર કર્યો હતો.. અરબાઝ ક્રેટા કાર ચલાવતો હતો, જેનો ઉપયોગ ઉમેશ પાલની હત્યામાં કરવામાં આવી હતી.૨૪ ફેબ્રુઆરીએ પ્રયાગરાજમાં ઉમેશ પાલ અને તેના ગનરને બદમાશોએ ગોળી મારીને હત્યા કરી હતી.

NEWS OF GANDHINAGAR_P-1

## તંત્રી સ્થાનેથી...

# જી-૨૦ સંમેલનમાં યુક્રેનનો મુદ્દો નિર્ણય ઉપર મોટી અસર કરે છે

*ભારતને જી-૨૦ સંમેલનની અધ્યક્ષતાની ખુબ સારી તક મળી છે. આજે વૈશ્વિક આર્થિક ઉત્પાદનમાં વિશ્વના ૧૯ સૌથી ધનિક દેશો અને યુરોપિયન યુનિયન ૮૫ ટકા હિસ્સો ધરાવે છે, જ્યારે આ દેશો વિશ્વની વસ્તીના લગભગ ૬૬ ટકા હિસ્સો ધરાવે છે. ત્યારે કેટલાંક વર્ષોથી ભારત 'ગ્લોબલ સાઉથ' એટલે કે વિકાસશીલ દેશોના ઉભરતા અવાજ તરીકે પોતાને સ્થાપિત કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. આ બેઠકોમાં ભારતને જે પ્રકારની સમજૂતીઓની અપેક્ષા છે, તેના પર યુક્રેન યુદ્ધનો પડછાયો સ્પષ્ટ દેખાઈ રહ્યો છે. ગયા વર્ષે, ઈન્ડોનેશિયાના બાલીમાં જી-૨૦ દેશોના નેતાઓની બેઠક દરમિયાન, રશિયાએ યુક્રેનના મુખ્ય મથકો પર મિસાઈલ હુમલો કરી દીધો હતો. ત્યારબાદ જારી કરાયેલા સંયુક્ત નિવેદનમાં એ પણ સ્પષ્ટ દેખાઈ રહ્યું હતું કે ભારત, રશિયા અને ચીન આ હુમલાની ખુલીને નિંદા કરવા માગતા નથી. આ મામલે અત્યાર સુધી સ્થિતિમાં કોઈ બદલાવ આવ્યો નથી. યુદ્ધ હજુ ચાલુ છે અને શાંતિ મંત્રણાઓ શરૂ થવાના કોઈ સંકેતો જણાતા નથી. દુનિયામાં આજે પણ આ મુદ્દે તડા પડેલા છે. અને કેટલીક મોટી અર્થવ્યવસ્થાઓ હજુ પણ આ યુદ્ધની ચપેટમાં છે. અનેક દેશો આજે પણ મહામારી અને યુદ્ધના કારણે ભારે મોંઘવારીને પહોંચી વળવા માટે સંઘર્ષ કરી રહી છે યુદ્ધની આજની પૃષ્ઠભૂમિમાં જી-૨૦ દેશોના નાણામંત્રીઓની ગયા અઠવાડિયે બેંગલુરુમાં બેઠક બાદ સંયુક્ત નિવેદન જાહેર કરી શક્યા ન હતા.*

*રશિયા અને ચીને સંયુક્ત નિવેદનના કેટલાક ભાગો સામે વાંધો ઉઠાવ્યો હતો જેમાં રશિયન આક્રમણની આકરી નિંદા કરવામાં આવી હતી. આખરે ભારતે, બેઠકના અધ્યક્ષ હોવાને કારણે, અધ્યક્ષીય સારાંશ જાહેર કરવો પડયો જેમાં તેણે યુક્રેનના મુદ્દા પર સભ્ય દેશો વચ્ચે મતભેદો સામે આવ્યાની નોંધ કરી. ભારત જી-૨૦ સમિટની અધ્યક્ષતાને ખૂબ જ ગંભીરતાથી લઈ રહ્યું છે. એટલે તે આ બેઠકને સફળ બનાવવા માટે તમામ પ્રયાસો કરી રહ્યું છે. પરંતુ યુક્રેનનો મુદ્દો આ તમામ પ્રયાસો પર હાવી રહેશે. ભારત વિકાસશીલ દેશો માટે વધુ તાકીદના અને મહત્ત્વના મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવા માગે છે. ભારતે એજન્ડામાં ક્લાઈમેટ ચેન્જ, વિકાસશીલ દેશો પર વધતું દેવું, ડિજિટલ ટ્રાન્સફોર્મેશન, વધતી જતી મોંઘવારી અને ખાદ્ય અને ઊર્જા સુરક્ષાનો સમાવેશ કર્યો છે. આ યુદ્ધમાં બંને પક્ષે ઊભેલા દેશોના સમૂહનું વલણ છેલ્લા કેટલાક મહિનામાં પહેલાં કરતાં વધુ કઠોર થયું છે અને આ મામલે ભારતના વલણની પણ ટીકા કરવામાં આવી છે. ભારતે રશિયાની સીધી નિંદા કરવાનું ટાળ્યું છે.*

*ભારત અને રશિયાના સંબંધો ઘણા જૂના છે અને યુક્રેન યુદ્ધ દરમિયાન ભારતે ટીકાઓ વચ્ચે રશિયન ક્રૂડ ખરીદવાનું ચાલુ રાખ્યું છે. શરૂઆતમાં પશ્ચિમી દેશોને ભારતની બિનજોડાણ નીતિ પસંદ નહોતી. પરંતુ હવે એવું લાગે છે કે તેને લઈને એક પ્રકારની સમજ વિકસી હોવાનું જોવા મળે છે. ભારતે ભલે સીધી રીતે રશિયાની નિંદા ન કરી હોય પરંતુ યુક્રેન અંગે આપેલાં નિવેદનોમાં ભારતે યુએન ચાર્ટર, આંતરરાષ્ટ્રીય કાનૂન અને રાજ્યોના સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતાનું સન્માન કરવાની વાત કરી છે. શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન કોન્ફરન્સ દરમિયાન પીએમ નરેન્દ્ર મોદીએ આપેલા નિવેદનને રશિયાની પરોક્ષ નિંદા તરીકે જોવામાં આવ્યું હતું. હાલમાં જી-૨૦ દેશો વચ્ચે પ્રવર્તી રહેલી કડવાશ અને ભૌગોલિક રાજકીય તણાવના સ્તરને જોતા ભારતે ઘણી મહેનત કરવી પડશે. જોકે ભારતે પહેલાં પણ બતાવ્યું છે કે તે એકસાથે બહુવિધ ભૌગોલિક રાજકીય પ્રતિસ્પર્ધીઓ સાથે તાલમેલ બેસાડવામાં સક્ષમ છે.*

## ઉજ્જૈનના મહાકાલેશ્વર ધામમાં '૪૦ ક્વિન્ટલ' ફૂલોથી રમાઈ હોળી, ભસ્મ આરતીમાં ફાગ પર્વનો મહિમા જોવા મળ્યો

ઉજજૈન,તા,૬

વિશ્વ પ્રસિદ્ધ મહાકાલેશ્વર મંદિરમાં ભસ્મ આરતી દરમિયાન મહારાષ્ટ્રના એક ભક્તે બાબાને ૪૦ ક્વિન્ટલ ફૂલો અર્પણ કર્યા હતા. બાબા મહાકાલે ભસ્મ આરતી દરમિયાન ફૂલોની હોળી રમીને ફાગ ઉત્સવની ઉજવણી કરી હતી. નંદી હોલમાં પણ ભક્તોએ એકબીજા પર પુષ્પોની વર્ષા કરી ફાગ ઉત્સવની મજા માણી હતી. માહિતી આપતા મંદિરના પૂજારી દિલીપ ગુરુએ જણાવ્યું કે દર વર્ષે ફાગ પર્વ બાબાની ભસ્મ આરતીમાં ૧ ક્વિન્ટલ ફૂલ ચઢાવીને ઉજવવામાં આવે છે.બાબા મહાકાલના દરબારમાં હર્બલ ગુલાલથી હોળી રમવામાં આવી હતી ત્યારે આજે સોમવારે ભસ્મ અર્પણ કર્યા બાદ ભગવાન મહાકાલેશ્વર મંદિરમાં ૪૦ ક્વિન્ટલ ફુલોથી હોળી ઉત્સવ અને ફાગ ઉત્સવની ઉજવણી કરવામાં આવી હતી. દાદાના દરબારમાં આજે ભક્તો દ્વારા દાદાને ફૂલો અર્પણ કરી હોળી રમવામાં આવી હતી. જે બાદ આવતીકાલે હર્બલ ગુલાલ સાથે હોળી રમવામાં આવશે.ભગવાન શ્રીકૃષ્ણના શિક્ષણ સ્થાન સાંદીપનિ આશ્રમ ખાતે ૧૧ માર્ચે પૂજારી પરિવાર દ્વારા ફાગ પર્વની ઉજવણી કરવામાં આવશે. ફાગના ગીતો પર મહિલાઓ ફૂલો અને ગુલાલથી હોળી રમશે. ભગવાનને વિશેષ વાનગીઓ અર્પણ કરવામાં આવશે. પૂજારી પં. રૂપમ વ્યાસે જણાવ્યું કે ભગવાન કૃષ્ણની શાળામાં ચૈત્ર કૃષ્ણ પ્રતિપદા ધુળેંદીથી રંગપંચમી સુધી પાંચ દિવસ હોળીનો તહેવાર ઉજવવાની પરંપરા છે. આ વખતે મંદિરમાં તારીખો બદલીને ૭ માર્ચે ધુળેંદી અને ૧૨ માર્ચે રંગપંચમી ઉજવવામાં આવશે. આ રીતે કુલ છ દિવસ સુધી હોળીનો તહેવાર ઉજવવામાં આવશે.દરરોજ સવારે ૭ કલાકે થનારી આરતીમાં હાથરસથી લાવવામાં આવેલ હર્બલ ગુલાલ ભગવાનને અર્પણ કરવામાં આવશે.

આવે છે
ધારી કે અણધારી આફત આવે છે,
કંકુપગલે વણનોતરી આફત આવે છે.
અવકાશ ,ધરતી કે પાતળમાં નથી,
ત્રિશંકુ પગલે નોધારી આફત આવે છે.
ભૂમિતિની પરિમિતિ કે ત્રિજ્યામાં નથી,
શંકુ પગલે ચોધારી આફત આવે છે.
પત્ની પગલે ના સખી બની આવે છે
જમકુંપગલે નિરંતર આફત આવે છે.
ભરત વૈષ્ણવ
૭.૩.૨૦૨૧

# બસ ઇતના સા ખ્વાબ હૈ!!!!!

અમે ખરેખર નાના હતા ,ત્યારની વાત છે. એ જમાનામાં સાઇકલ પણ બાદશાહી કે લકઝુરિયસ કહેવાય. રોડ પર ચાલનારા વધારે હોય. પૈસાદાર હોય તે ઓલા કે ઉબેરની જેમ ઘોડાગાડી ભાડે કરે. અલબત, ઘોડાગાડી ભાડે કરવા માટે એપ કે ઓનલાઈન સગવડ ન હતી. તમારે ઘોડાગાડીના સ્ટેન્ડ સુધી લાંબા થવું પડે. કોઇ વાયડાઈ કરતો હોય તો કંટાળીને કહેવું પડે કે તારી ઘોડાગાડી જવા દે!!!

એ સમયે ફોર્મ કંપનીની દેડકા જેવી કાર આવતી હતી. ફિયાટ અને એમ્બેસેડર પણ હતી. ગાડી શરૂ કરવા માટે એસ આકારના સળિયા આવતા હતા. બોનેટ નીચે સળિયો ભરાવીને સળિયો ઘુમાવવાનો! ગાડી ભેખ ભખ અવાજ કરતી સાયલેન્સરમાંથી કાળા ધુમાડા સાથે ચાલુ થાય.

ગમે તેવી ગાડી હોય. શિયાળાની ઠંડીમાં બેટરીનો પ્રોબ્લેમ હોય કે ઓઈલ જામી જતું હોય! સવારના સમયે ગાડી ચાલું ન થાય. ગાડીને ધક્કો મારવા પાંચ-છ માણસો શોધવા પડે.ઘણીવાર ત્રણ માણસો થાય. કારનો માલિક પોતે પણ ગાડીમાં બેસવાનો બદલે કારને ન્યુટ્રલ ગિયરમાં નાંખી ધક્કા મારતો હોય. મોટેભાગે આપણામાંથી બધાએ નાનપણથી આજસુધીમાં કાર, બસ, રિક્ષા, જીપ કે સ્કૂટરને ધક્કા મારી ચૂક્યા છીએ એટલે બંધ થવુંથવું થતી જીંદગીની રગશિયા ગાડીને ધક્કો મારી શકયા છીએ.સાચું બોલજો જેના વાહનને ધક્કો માર્યો છે, તેનું વાહન ચાલું થઈ ગયા પછી વળતા વ્યવહાર કે સૌજન્યના ભાગરૂપે કેટલાંયે તમને તેમના વાહનમાં આંટો મરાવ્યો છે??? બાળપણમાં વાહનને ધક્કો મારવાનું કારણ કે ફોર્સ એ હતું કે વાહન ચાલુ થયા પછી વાહનમાં ચક્કર કે આંટો ખવડાવે.બજાજ કંપનીના ટુ વ્હીલર વાપરવારને અનુભવ હશે કે બે-ત્રણ કીકો ( આ ગુજરાતી અંગ્રેજોનું સંમિશ્રણ. કીક કે લાઇબ્રેરીનું બહુવચન કીકસ કે લાઇબ્રેરીઝ ના બદલે કીકો કે લાઈબ્રેરીઓ કરે છે!!)મારો તો પણ ચાલું ન થાય તો ઘોડી ચડાવી ડાબી તરફ નમાવી પછી કીક મારો એટલે ચાલું થઇ જાય!! આ અભૂતપૂર્વ અને અશ્રુતપૂર્વ કારણને લીધે બજાજ કંપની વિમાન બનાવતી નથી તેમ કટાક્ષમાં કહેવાય છે!! બજાજ કંપનીએ પણ આ મહેણા કે હીણા વચનનો જડબાતોડ જવાબ આપવા વિમાન બનાવ્યું. કદાચ પ્રોડકશનમાં આ ભૂલ દૂર કરવામાં ન આવે અને વિમાનને ચાલુ કરવા માટે નમાવવાની નોબત આવે તો શું હાલત થાય તેની સ્વૈરવિહારી બની કલ્પના કરવાની છૂટ છે!!

હમણા એક ફોટો કે વીડીયો વાયરલ થયેલો હતો . જેમાં પ્લેનના માનવંતા મુસાફરો બંધ પડેલા ફટિચર પ્લેનને ધક્કો મારી ચાલું કરી રહ્યા હતા.વાહ કયા સિન હૈ!!!

આ ટ્રેન સહારનપુરથી આવી રહી હતી. ટ્રેનમાં જયારે આગ લાગી ત્યારે સૌપ્રથમ કોચને અલગ કરવામાં આવ્યો. આ દરમ્યાન કેટલાંક પ્રવાસી કોચને અલગ કરવા માટે ટ્રેનને ધક્કો મારી રહ્યાં હતા. જણાવાઈ રહ્યું છે કે સકૌતી સ્ટેશન પર પહોંચ્યા બાદ કોચમાં દુર્ગંધ આવવા લાગી હતી અને ધૂમાડો ફેલાયો હતો. ત્યારબાદ ટ્રેનને મેરઠના દૌરાલા સ્ટેશન પર અટકાવી દીધી હતી. થોડા સમયમાં ભીષણ આગે ટ્રેનના ત્રણ ડબ્બાને ઝપેટમાં લઇ લીધા હતા. જો કે, સદનસીબે આગ લાગી ત્યાં સુધીમાં ડબ્બામાંથી પ્રવાસીઓ ઉતરી ગયા હતા.હવે એવા સમાચારની પ્રતીક્ષા કરવાની કે મધદરિયે કોઇ મહાકાય જહાજનનાં એન્જિનમાં કોઇ ટેકનિકલ કે નોનટેકનિકલ ફોલ્ટ થાય. પરિણામે એન્જિન બંધ થાય અને તેને ચાલુ કરવા ક્રુ મેમ્બર કે પ્રવાસીઓ પાણીમાં ઉતરી ધક્કા મારતા હોય!!

મંગળ ગ્રહ પર અવકાશયાન મોકલવાનું રોકેટ કાઉન્ટ ડાઉન ગણતરી પૂરી થયા પછી ફોલ્ટના લીધે ચાલુ ન થાય અને મને રોકેટ ચાલુ કરવા માટે એક ધક્કા મારવાનો રેકોર્ડબ્રેક અને જગતનો સંભવતઃ પ્રથમ અવસર મળે!!!ધકકો મારતા હું કહું હઈસા, જોર લગા કે હઈસા. કુછ તો કરો હઈઈઈઈઈસા!!

બસ ઈતના સા ખ્વાબ હૈ!!
ભરત વૈષ્ણવ
૬.૩.૨૦૨૨.

# એકવીસમી સદીના ૨૩ માં વરસે ખરેખર મહિલાઓના સ્ટેટ્સ માન મર્યાદામાં વધારો થયો છે ખરો?

મહિલાઓ તો ઠીક નાની ઢીંગલીઓ પણ સલામત નથી.બહાર તો ઠીક ઘરમાં પણ મહિલાઓ અને નાની પરીઓ સલામત નથી એ આપણા માટે ડુબી મરવા જેવી વાત છે .

હજુ સાચું કહેજો તમારા પતિ કરતા સારો મોબાઈલ તમારી પાસે છે ? તમને તમારા પતિના કે દીકરાના બધા આર્થિક વ્યવહારો ખબર છે ? તમને એક્ટિવા કે કાર ચલાવતા આવડે છે? તમને લાઇતબીલ કે ગેસ બિલ ભરતા આવડે છે? તમને રૂપિયા જમા કરવા કે ઉપાડવા જેવા સામાન્ય બેંકોના કામકાજ આવડે છે?

તમને ખબર છે તમારા પતિ કે પુત્રની માસિક આવક કેટલી છે? એની સામે તમારા ઘરનો માસિક ખર્ચો કેટલો છે? ખર્ચો વધારે છે કે આવક?

તમને ૨૦૦/૫૦૦/ કે ૨૦૦૦ રૂપિયાનું કામ હોય તો તમારી પાસે એટલા રૂપિયા હોય છે ખરા?

નાની નાની રકમ પણ તમને પતિ પાસે માંગવી પડે છે? પતિ ફટાફટ આપી દે છે કે ભાષણ કરી માથું પકવી દે છે?

રાજા રામમોહન રાયે સતી પ્રથા બલવિવાહ સામે જોરદાર લડત આપી.આપણાં સુરતી નર્મદે વિધવા વિવાહ સામે જંગ છેડયો.અરે વિધવાવિવાહને પ્રોત્સાહન આપવા પોતે વિધવા મહિલા સાથે લગ્ન કર્યા હતા.

ખરેખર ખુબ જ દુઃખની વાત છે કે આજે પણ પુરુષો મહિલાઓને પોતાનાથી ઉતરતી ગણે છે .પોતાના ઘરમાં તો ઠીક બહાર પણ આવી માનસિકતાનું છડેચોક પ્રદશન પણ કરે છે

આપણી દીકરીઓને સાસરિયામાં ઘરના કામકાજ રસોઈ સાફ સફાઈમાં તકલીફ પડે છે એને માટે આપણે જ જવાબદાર છે

આપણી દીકરી આપણા ઘરે હોય તે વખતે આપણે અઢાર અઢાર વરસ સુધી ઘરમાં કઈ કામ કરવા દેતા નથી પછી દીકરીના લગ્ન થઈ ગયા પછી દીકરીને રસોઈ તો ઠીક સારી બે કપ ચાહ બનાવતા પણ આવડતું નથી .ઘરના નાના મોટા કામ ઝાડુ પોતા વાસણ સારી રસોઈ બનાવતા ના આવડતું હોય એ કઈ ચાલે નહીં.

આપણે દીકરીને ઘરના કામકાજ સાથે સારા સંસ્કાર સારી વાતો પણ કહેવી પડશે મહેંદી સીવણ બ્યુટી પાલર કોમ્પ્યુટર વિગેરેનો કોર્ષ પણ કરાવવો જોઈએ.

આપણી દીકરી સાસરિયાંમાં કઈક અંશે ભાવશે ચાલશે ફાવશેની નીતિને અનુસરશે તો સુખી થશઃ તમારા પતિએ બીજે કોઈ જગ્યા પર શેર બજાર મ્યુચલ ફંડો ગોલ્ડ માં કેટલું રોકાણ છે તમને ખબર છે? બીજા કોઈ મકાન દુકાન ઓફીસ છે તમારા પતિના નામ પર? તમને કઈ ખબર છે ખરી?

એક વાતમાં આપણે પુરુષો એકદમ નિષ્ફળ છીએ .આપણે આપણી માતાઓ પત્ની કે દીકરીઓને પૂરેપૂરી સમજવા આપણે મોટી ભુલ કરીએ છીએ આપણે એમની આંતરિક શક્તિઓનો દુરદેશીનો એમની કલા કૌશલ્ય એમની આવડત એમની સ્કિલ એમનું હુન્નરનો પૂરેપૂરો ઉપયોગ ક્યારે પણ કરતા નથી અને એમને પણ કરવામાં મદદ પ્રોત્સાહન આપતા નથી

આજની કેટલી ગૃહિણીઓમાં સાદાઇ કરકસર દુરંદેશી ચીવટતા કાળજી દરકાર નાના મોટા વડીલો બધાને સાથે લઈને ચાલવાની આવડત છે ?


આપણે હવે કબુલ કરવું જ પડશે કે મહિલાઓની પ્રગતિ અને ઉત્કર્ષ કલ્યાણ માટે બહુ રાહ જોવી પડશે.આપણી સંસદમાં પણ છેલ્લા ૮ વરસથી મહિલાઓ માટે ૩૩ ટકા અનામતનો કાયદો અદ્ધર હવામાં લટકી રહ્યો છે લાગે છે કે પુરુષ રાજકરણીઓ મહિલાઓને આગળ લાવવા માંગતા જ નથી મહિલાઓને હક અધિકાર આપવા માંગતા જ નથી કોઈ મહિલા સત્તામાં ભાગ પડાવે એ એમ ઈચ્છતા જ નથી

લાગે છે કે બીજી કલ્પના ચાવલા રાણી લક્ષ્મીબાઈ સરોજિની નાયડુ કે ઇન્દિરા ગાંધી માટે આપણે બહુ રાહ જોવી પડશે.

અબ્બાસભાઈ કૌકાવાલા
સુરત

# હોળી નું આધ્યાત્મિક મહત્વ - સંત રાજીન્દર સિંહજી મહારાજ

ફાગણ મહિનામાં બધા ફૂલો ખીલે છે અને બહાર રંગબેરંગી થાય છે. એ જ ફાગણ મહિનામાં હોળી નો તહેવાર ખૂબ જ ઉત્સાહથી હોળીની ઉજવણી જેમાં લોકો એકબીજાને ગળે લગાવે છે. મારી શુભકામના તમારી સાથે છે. હોળીના તહેવારના બાહ્ય પાસાની જેમ તે એક દિવસ હોલિકા પ્રગટાવવામાં આવે છે અને બીજા દિવસે એકબીજા પર રંગો આવે છે . આ તહેવાર પરંપરાગત રીતે ગુલાલ મૂકીને ઉજવવામાં આવે છે . પરંતુ તેનું આધ્યાત્મિક મહત્વ પણ



છે. પૂર્ણ સંતોના મતે હોળી સળગાવવાનું આધ્યાત્મિક મહત્વ એ છે કે આપણે તમારી અંદરની દુષ્ટતાને બાળીને સદાચારી જીવન જીવ્યા અને જેમ આપણે આ તહેવારની બહાર એક બીજા પર રંગો અને ગુલાલ લગાવીએ છીએ. તે જ રીતે, અમે એક સંપૂર્ણ ગુરુ ના સહાયથી ધ્યાનની પ્રેક્ટિસ કરીએ તથા ભગવાનના વિવિધ રંગો ને જોઈને, સાચી હોળી

અંતર માં રમીયે. હોળીની જેમ જ, વિવિધ રંગો આપણા કપડા પર બનાવે છે. અને આપણે આકારો બદલવાની કોશિશ કરતા નથી, તે જ રીતે જીવનમાં એકબીજાને પ્રેમથી સ્વીકારવું જોઈએ. જો આપણે એક દેશ અથવા સમુદાયના સભ્યો છીએ, તો પછી આપણે અન્ય લોકોને તે જ રીતે સ્વીકારીશું.જે રીતે પિતા-ભગવાન દરેકને સ્વીકારે છે.આવો, હોળીના આ તહેવાર પર, ચાલો આપણે આપણી અંદરની બધી દુષ્ટતા બાળીને એકબીજા પર પ્રેમનો રંગ પ્રગટાવીને માનવ જીવનના મુખ્ય ઉદ્દેશ ને પ્રાપ્ત કરીએ.

સાવન કૃપાલ રૂહાની મિશનની વધુ વિગતો માટે સંપર્ક કરો ૯૮૨૫૪૬૭૧૧૦, skrmzn12@gmail.com

# કોટન-ખાંડીમાં ૫૨૮ ખાંડીના વોલ્યુમ સાથે વાયદાના ભાવમાં રૂ.૨૦૦નો ઘટાડો જોવાયો

## સોનાનો વાયદો રૂ.૧૫૨ અને ચાંદીનો વાયદો રૂ.૨૦૩ વધ્યોઃ ક્રૂડ તેલના વાયદામાં રૂ.૬૬ની નરમાઈઃ નેચરલ ગેસ, મેન્થા તેલ પણ ઢીલાઃ પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ.૭૦૯૨ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૧૨૫૭૫ કરોડનું ટર્નઓવર : બુલડેક્સ વાયદામાં રૂ.૨૦ કરોડનાં કામકાજ

ડેઈલી માર્કેટ રિપોર્ટ

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં સોમવારે પ્રથમ સત્ર સુધીમાં ૨,૫૭,૩૮૦ સોદાઓમાં કુલ રૂ.૧૯,૬૮૬.૦૫ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૭૦૯૧.૭૨ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૧૨૫૭૪.૭૩ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૫૦,૯૬૨ સોદાઓમાં કુલ રૂ.૩,૬૯૨.૩૯ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૫,૮૭૮ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૫,૯૮૨ અને નીચામાં રૂ.૫૫,૮૨૭ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૫૨ વધી રૂ.૫૫,૮૭૩ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની માર્ચ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧૪૦ વધી રૂ.૪૪,૬૨૩ અને ગોલ્ડ-પેટલ માર્ચ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧૧ વધી રૂ.૫,૫૦૮ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૫,૯૦૫ના ભાવે ખૂલી, રૂ.૧૩૯ વધી રૂ.૫૫,૮૬૪ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૪,૬૫૭ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૪,૯૩૪ અને નીચામાં રૂ.૬૪,૪૮૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૦૩ વધી રૂ.૬૪,૬૦૪ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૨૦૩ વધી રૂ.૬૪,૮૩૦ અને ચાંદી-માઈક્રો એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૨૧૪ વધી રૂ.૬૪,૮૪૭ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૦,૩૭૩ સોદાઓમાં રૂ.૧,૩૩૬.૫૪ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ માર્ચ વાયદો ૧ કિલોદીઠ રૂ.૧.૭૦ ઘટી રૂ.૨૦૭.૬૦ અને જસત માર્ચ વાયદો રૂ.૨.૮૫ ઘટી રૂ.૨૬૬ના ભાવ થયા હતા. આ સામે તાંબુ માર્ચ કોન્ટ્રેક્ટ રૂ.૬.૧૫ ઘટી રૂ.૭૫૦.૫૦ તેમ જ સીસું માર્ચ કોન્ટ્રેક્ટ રૂ.૦.૩૫ ઘટી રૂ.૧૮૩ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૪૨,૩૭૫ સોદાઓમાં કુલ રૂ.૨,૦૫૬.૩૨ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ માર્ચ વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૬,૪૮૮ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૫૦૬ અને નીચામાં રૂ.૬,૪૨૮ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૬૬ ઘટી રૂ.૬,૪૩૭ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ માર્ચ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૩.૩૦ ઘટી રૂ.૨૨૧.૫૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૭૮ સોદાઓમાં રૂ.૬.૪૭ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી માર્ચ વાયદો ૧ ખાંડીદીઠ રૂ.૬૩,૩૪૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૩,૪૬૦ અને નીચામાં રૂ.૬૩,૨૦૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૦૦ ઘટી રૂ.૬૩,૩૦૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં માર્ચ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૩.૬૦ ઘટી રૂ.૧૦૩૪.૩૦ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧,૯૯૦.૮૬ કરોડનાં ૩,૫૫૮.૬૨૮ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૧,૭૦૧.૫૩ કરોડનાં ૨૬૨.૧૯૦ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૮૨૩ કરોડનાં ૧૨,૭૨,૧૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૧,૨૦૧ કરોડનાં ૫૩૪૧૮૭૫૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડીના વાયદાઓમાં રૂ.૩.૩૪ કરોડનાં ૫૨૮ ખાંડી, મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૩.૧૩ કરોડનાં ૩૦.૨૪ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૧૮,૦૮૪.૩૮૯ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૬૯૦.૭૨૬ ટન, ક્રૂડ તેલમાં ૬૫૧૫૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૪૧૫૦૬૨૫૦ એમએમબીટીયૂ તેમ જ કોટન ખાંડીમાં ૯૬૦૦ ખાંડી, મેન્થા તેલમાં ૩૮૪.૪૮ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં બુલડેક્સ વાયદામાં રૂ.૧૯.૬૦ કરોડનાં ૨૫૯ લોટ્સ ના વેપાર થયા હતા. બુલડેક્સ માર્ચ વાયદો ૧૫,૧૩૩ના સ્તરે ખૂલી, ૪૭ પોઈન્ટ વધી ૧૫,૧૨૨ના સ્તરે હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૧૨,૫૭૪.૭૩ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૬૦૦.૭૯ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૨૦.૧૨ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૦,૧૦૦.૫૧ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૭૫૨.૦૭ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ.૨૮૩.૯૩ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં ક્રૂડ તેલ માર્ચ રૂ.૬,૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૮૫ ખૂલી, ઉપરમાં રૂ.૨૩૦ અને નીચામાં રૂ.૧૩૫ રહી, અંતે રૂ.૩૧ ઘટી રૂ.૧૩૮.૬૦ થયો હતો. જ્યારે નેચરલ ગેસ માર્ચ રૂ.૨૩૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૫.૫૦ ખૂલી, ઉપરમાં રૂ.૧૫.૫૦ અને નીચામાં રૂ.૧૦.૯૫ રહી, અંતે રૂ.૧૧.૯૦ ઘટી રૂ.૧૧.૭૦ થયો હતો. સોનું માર્ચ રૂ.૫૬,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૪૦૦ ખૂલી, ઉપરમાં રૂ.૪૩૫ અને નીચામાં રૂ.૩૭૩.૫૦ રહી, અંતે રૂ.૩૫.૫૦ વધી રૂ.૩૯૩ થયો હતો. ચાંદી એપ્રિલ રૂ.૬૫,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૭૦૧ ખૂલી, ઉપરમાં રૂ.૧,૭૩૦ અને નીચામાં રૂ.૧,૬૦૧ રહી, અંતે રૂ.૧૧૮.૫૦ વધી રૂ.૧,૬૭૯.૫૦ થયો હતો. ચાંદી-મિની એપ્રિલ રૂ.૬૫,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૩૦૦ ખૂલી, ઉપરમાં રૂ.૧,૬૭૧.૫૦ અને નીચામાં રૂ.૧,૩૦૦ રહી, અંતે રૂ.૮૫ વધી રૂ.૧,૫૬૪ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ માર્ચ રૂ.૬,૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૩૫ ખૂલી, ઉપરમાં રૂ.૧૫૪.૮૦ અને નીચામાં રૂ.૧૨૨.૭૦ રહી, અંતે રૂ.૨૫.૪૦ વધી રૂ.૧૫૧.૧૦ થયો હતો. જ્યારે નેચરલ ગેસ માર્ચ રૂ.૨૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૯.૯૫ ખૂલી, ઉપરમાં રૂ.૧૪.૯૫ અને નીચામાં રૂ.૯.૯૫ રહી, અંતે રૂ.૮ વધી રૂ.૧૪.૫૫ થયો હતો. સોનું માર્ચ રૂ.૫૬,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૪૭૦ ખૂલી, ઉપરમાં રૂ.૫૨૯ અને નીચામાં રૂ.૪૫૦ રહી, અંતે રૂ.૧૨૯.૫૦ ઘટી રૂ.૪૭૫.૫૦ થયો હતો. ચાંદી એપ્રિલ રૂ.૬૩,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૦૮૫ ખૂલી, ઉપરમાં રૂ.૧,૧૦૦ અને નીચામાં રૂ.૧,૦૦૮.૫૦ રહી, અંતે રૂ.૨૧૩.૫૦ ઘટી રૂ.૧,૦૮૨ થયો હતો. સોનું-મિની માર્ચ રૂ.૫૫,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૦૨ ખૂલી, ઉપરમાં રૂ.૨૦૨ અને નીચામાં રૂ.૧૫૨ રહી, અંતે રૂ.૩૨.૫૦ ઘટી રૂ.૧૭૦.૫૦ થયો હતો.

NEWS OF GANDHINAGAR_P-2

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




**Nog SS No - 0038**

વિષય - હોળી,ધુળેટી, ફાગણીયો, જીવનમાં રંગોનું મહત્વ
વિભાગ.. પદ્ય
શીર્ષક ..હોળી.

રમતાતા હોળી ગજવતા ગામ બાળપણ માં ,
ખુશીઓથી રંગાઈ જતા જાણે ગાડપણમાં.
રંગાઈ રંગાઈને ખુશીથી ઝુમી ઉઠતા,
હાસ્યની કિલકારી ગુંજતી ગલીઓમાં.
સાદ દેતી મા મમતા ભર્યા સ્વરે પોકારતી,
ચાલો બચ્ચાઓ હવે આવી જાઓ ઘરમાં.
કઈ ફેક્ટરીમાં બન્યા હશે એ રંગ અવનવા
કાળજે વલોવાયને મહેક આવે આજે પણ હાથમાં.
હોળી આવેને રંગ આજે પણ ઉડે ને રંગાઈ જવાય
ઉડી જાય છે આજના રંગોની સુવાસ એકપળમાં.

શીલા પટેલ "આકાંક્ષા"

*********************************

***NOG!SS NO-* 0088**

★વિષય-★ જીવનમાં રંગોનું મહત્વ, હોળી..
★પ્રકાર-★ પદ્ય૪
★શીર્ષક-★ રંગરેજી ફાગ

રંગરેજી રંગોનું કેવું! પોહ ફાટ્યું છે પૂર્વે...
ફાગણીયો ફાગ ખેલે, રંગો હોળીના ઉડે..
આભે રવિ જ્યાં ઉગ્યા, છાંટયા સોનેરી રંગો..
ભર્યાં એકએક કિરણે, સાત મેઘધનુષી રંગો..
પ્રિઝમ કહે વિજ્ઞાને, જાંનીવાલીપીનારા..
રંગમાં રંગ ભળી, બને રંગોના ખૂબ મિનારા..
મન પીયુની આરસીમાં, તાસીર રંગોની દેખે..
નીરખે પિયુ જ્યાં પ્રીતે, ઝળહળું સાત રંગે
ઉષાના ખોળે રાતો, ખીલી નારંગી થાતો
તપે ત્યારે પીળો ને, વિહરે વનરાઈમાં લીલો..
સરતો દરિયાઇ મોજે, થઈ વાદળી મોજીલો ..
આકાશે બેસે ઊંડો, ધરે ધીર ગંભીર નીલો..
ઓઢી થાકી રાતે , જાંબલી કાંબળી એ સૂતો..
પ્રેમે અંગઅંગ રંગે, પ્રીત પિયુની પામી હું તો..

ડૉ. મનીષા વ્યાસ
અમદાવાદ

***†*******************************

***NOG SS No:-143***

★વિષય:-રંગોત્સવ★
★પ્રકાર:-ગદ્ય(લેખ)★
★શીર્ષક:-રંગોની રંગોળી★
★નામ:-નયના ઠક્કર.★
★ઉપનામ:-(પ્યાસી)★
★ગામ:-વડોદરા.★

ધુળેટી એટલે રંગો,નૃત્ય, મસ્તીનો ત્રિવેણી સંગમ!
રંગોત્સવ!દોલોત્સવ!
મદનોત્સવ!ફાગણોત્સવ!
રંગ અને સુગંધનું સરનામું,

પ્રકૃતિનો પમરાટ,યૌવનનો થનગનાટ,પ્રેમનો પ્રાદુર્ભાવ એટલે જ ફાગણોત્સવ!

આજે આપણે રંગોની રસીલી,સુરીલી,મધુરી, રંગબેરંગી સફર માણીશું.

વિવિધ રંગો સંગ,ઉમંગ,
સ્નેહ,શૃંગાર,સંગીત સંગ!
રંગો વિનાની જિંદગીની કદી કલ્પના કરી છે ખરી?
રંગો વિનાનું વિશ્વ,સૃષ્ટિ,
જીવન કેટલું નિષ્પ્રાણ,
નિ:શ્ચેતન,નીરસ લાગે.
એમાંય આતો કવિઓની,
સૌંદર્ય,શૃંગાર,પ્રેમની ઋતુ!
નિસર્ગની રંગબેરંગી
રંગોળી તનમનને રંગીન બનાવી દે તો સમજવું
આપણે જીવિત છીએ.
પ્રભુનાં હસ્તાક્ષર સમી

સમગ્ર સૃષ્ટિમાં નવચૈતન્ય નિર્માણ થાય.વાતાવરણ આહ્લાદક બની આપણને આવાહન,ઈજન આપે.

તો આવો,રંગરંગીલી વાછટમાં ભીંજાઈએ.

રંગોનાં વિશ્વમાં લટાર મારીએ.મિજાજ રંગીન ના બની જાય તો કહેજો મને!

★પ્રથમ પ્રકૃતિનાં રંગો★

સૂર્યનાં ઉદય અને અસ્ત સમયની લાલિમા,વર્ષાનાં
આવાગમન સમયની
કાલિમા,ગોરજટાંણે
ગોધૂલીની શ્યામલતા,
બળબળતા બપોરની
સ્વર્ણતા,નિશા આગમને
ચાંદનીની ધવલતા અને
વસંતનાં વધામણાં કરતાં
કેસૂડાંનો કસુંબલ રંગ,ધરા નાં પાનેતરનો લીલેરો રંગ,

મેઘધનુષ્યનો સપ્તરંગી નજારો,સરસવનાં મોલનો પીળોચટ્ટ રંગ,પતંગિયાનાં

અવનવા રંગોની નજાકત,
આંબાની મંજરી,કુસુમોની રંગીન માદકતા!
ટૂંકમાં,વૈવિધ્યપૂર્ણ રંગોની ભરમારથી સૃષ્ટિસર્જન કર્યું છે સર્જનહારે!

★શૃંગારનાં રંગો★

માશૂકાનાં ગાલની,હોઠોની લાલી,ચાંદલાની લાલાશ,
કાજળની કાળાશ,માંગની સિંદૂરી,ચૂડીની લીલાશ,
વેણીની માદકતા સહિત
વસ્ત્રાભૂષણોની રંગીલી રોનક!

★ભોજનકક્ષનાં રંગો★

રસોડાનાં અનેકાનેક રંગો મળીને સ્વાદિષ્ટ ભોજન બનાવે છે.દૂધ,દહીં,મધ, ઘી,ચા,કૉફી,શાકભાજી,

ફળો,અનાજ,કઠોળ,
મસાલા,સૂકામેવાનાં રંગો.

★પૂજા સામગ્રીનાં રંગો★

પૂજાની થાળી પણ કેવા રંગોની રંગોથી સજાવાય છે.અબીલ,ગુલાલ,સિંદૂર,કંકુ,હળદર,ચંદન,ભસ્મ,

નાડું,અક્ષત,દિવેટનાં રંગો!

★સ્વભાવનાં રંગો★

માનવ સ્વભાવ પણ
રંગબેરંગી જ હોયછે ને?
શાંત,ગંભીર,ક્રોધી,દંભી,
અભિમાની,ઉત્સાહી,
હસમુખ,સૌમ્ય,રૌદ્ર,
આળસુ,ઈર્ષાળુ,રમુજી!

★માનવજીવનનાં રંગો★

અનેક અવનવા રંગોનાં
તાણાવાણાંથી વણાયેલું જીવનરૂપી વસ્ત્ર શોભે છે
શૈશવ,યૌવન,જરાવસ્થા એપણ જિંદગીનાં રંગો છે.
શ્રેયકર સાથે પ્રેયકર હોય છે.સુખદુ:ખ,ખુશીગમ,
આશાનિરાશા,સફળતા નિષ્ફળતા,માનઅપમાન,

ગમોઅણગમો,હાસ્યરૂદન, અમીરીગરીબી જેવા રંગો જીવનને રોમાંચક બનાવે છે.આ રંગોનાં મિશ્રણથી માનવી જીવનરૂપી બાગને ખીલવી,રંગીન મિજાજમાં જીવી જાણીએ એજ જીવનની સાર્થકતા!

વળી,આર્યુવેદ શાસ્ત્રમાં,
જ્યોતિષ શાસ્ત્રમાં,યોગ શાસ્ત્રમાં,વાસ્તુશાસ્ત્રમાં,
વિજ્ઞાનશાસ્ત્રમાં તેમજ
કલરથેરાપીમાં પણ રંગો મહત્વનો ભાગ ભજવે છે.
પ્રેમનો રંગોની તો વાતજ
નિરાળી છે.એકવાર ચડ્યા પછી ઉતરતો નથી.મૈત્રી
ભાવનાં,લાગણીનાં રંગે
રંગાવું કોને ના ગમે?

વળી,રક્તનો લાલ રંગ જીવનપર્યંત સાથે રહે છે. રંગોળીસર્જન,ચિત્રકળા અનેક રંગોનાં સંયોજનથી બને છે.રંગીન બનવા બધાં રંગોને એકરૂપ થવું પડે છે.

રંગોનાં ગુણધર્મો મુજબ સકારાત્મક,નકારાત્મક,
ભાવનાત્મક,શારિરીક,
માનસિક અસરો થાય છે.

શુભાશુભ પ્રતિક્રિયા થાય છે.આપણી આસપાસ રંગોનું આભામંડળ રચાય છે.કહેવતોમાં પણ રંગનો ઉલ્લેખ જોવા મળે છે.રંગ બદલનાર માટે કાચિંડાની ઉપમા અપાય છે.

★હવે જોઈએ-રંગોનાં ગુણો.★

લાલ રંગ-ઉર્જા,ઉત્સાહ,
ગુસ્સો,તમોગુણનો પ્રેરક.
લીલો રંગ-હરિયાળી, પ્રગતિ,સમતુલનનો પ્રતિક.
પીળો રંગ-સર્જનાત્મક,
શુદ્ધતા,વૈભવનો પ્રતિક.
કેસરી રંગ-વૈરાગ,શૌર્ય,
વિજયનાદનો સૂચક.
વાદળી રંગ-વિશાળતા
ઉદારતા,ધૈર્ય,વિશ્વાસ,
સૂચક.
સફેદ રંગ-શાંતિ,સમાનતા,
સૌમ્યતા,સદ્ભાવનો સૂચક.
કાળો રંગ-નિરાશાવાદી,
રૂઢિવાદી,રહસ્યમય,અંધકાર,અજ્ઞાનતાનો સૂચક.

રંગોનાં માધ્યમથી આપણે ઈશ્વરદત્ત અમૂલખ ભેટ સમાન માનવજીવનની સફર રંગીન બનાવીએ અને સાચા અર્થમાં જીવી લઈએ,માણી લઈએ અને જીવી જાણીએ.

★મને એમ થાય કે★
★હું સંબંધમાં રંગ ભરું★
★શું તમને એમ થાય કે★
★એમાં સુગંધ ભરું?★
મારી આ પદ્ય રચના સાથે
રંગોની રંગોળીમાં રંગ ભરી
વિષયને વિરામ આપું છું.
(મારી સ્વરચિત રચના)
★નયના ઠક્કર★
★(પ્યાસી) વડોદરા.★

*****†**********************†****

**NOG SS NO : 105**

વિષય: રંગોત્સવ
પ્રકાર : ગદ્ય
શીર્ષક : વ્હાલપ
નામ : મનીષા મહેતા
ઉપનામ : ધરા
શહેર : સુરત

★★★★★

★વ્હાલપ★

ઘરમાં બેસી રહે એને શું ધુળેટી કે શું રંગોત્સવ? કાલે કદાચ શેરીમાં રંગે રમતા બાળકો જોવા મળી જાય એ આશાએ તહેવારનો ઉમંગ થોડો બચી રહેલો છતાં મારાં મનમાં ઉદાસીનું વજન જરા વધુ હતું,

તે હી નો દિવસાઃ ગતાઃ...હવે ક્યાં એ નાનપણની રંગભરી ધુળેટી, એ મસ્તી....?

બારીમાંથી મારી શુષ્ક નજર પાનખર પ્રભાવિત વૃક્ષોને દિલાસો આપી રહી હતી, "આ સમય પણ વિતી જશે વ્હાલાં..". આસપાસની ઘટાદાર લીલોતરી એક તરફ પાનખર અને બીજી તરફ ધૂળનો માર સહેતી જાણે ડિપ્રેશનમાં સરી ગઈ હતી, મને જવાબ આપતી તે તરત બોલી ઊઠી, "કાળનો પ્રભાવ જ એવો છે ને દોસ્ત, કોણ બચી શક્યું છે?"

અમારો આ મૌન વાર્તાલાપ ચાલતો જ રહેત ત્યાંતો માવઠાની આગાહી વચ્ચે આકાશમાં વાદળો ઘેરાયાં, કાળાડીબાંગ વાદળોમાં ભગવાન ગેડીદડો રમવા લાગ્યા જેનો ભયંકર ઘૂઘવાટ થઈ રહ્યો અને પવન જાણે કે ફિલ્ડિંગ ભરતો હોય તેમ સૂસવાટા મારતો ચારે દિશામાં ઘૂમરાઈ રહ્યો. વૃક્ષોનાં સુકાઈ ગયેલા પર્ણો ખરી ખરીને હવામાં તરવા લાગ્યાં. વૃક્ષોની વિશાળ ડાળીઓ ઝૂમી રહી અને તેનાં બાકીનાં સૂકાં પાંદડાં પણ ખરતાં રહ્યાં. હવાનાં એક નવા સપાટે મારી બારીમાંથી અનેક સૂકાં પર્ણો મારાં ઓરડાને ભરી દેવા ઘૂસી આવ્યાં. તેની સાથે મારી આંખોમાં આવી પડેલી રજ હું લૂછવામાં રહી એટલામાં તો બહાર વરસાદ ચાલુ થઈ ગયો. વૃક્ષો પરથી સૂકાં પાંદડાંનો પ્રભાવ દૂર થતાં જ તેની ડાળીએ ડાળીએ ફૂટી ચૂકેલી લીલી કૂંપળો દ્રશ્યમાન થવા લાગી. વરસાદી જળથી સ્નાન કરી રહેલા આ વૃક્ષોની ધૂળ ધોવાઈ ગઈ અને નવાં પર્ણોની કાચ જેવી લીલાશ ચમકવા લાગી. દૂર આંબા પર પીળાં રંગનો મોર તો સોનાની રજ છંટાઈ હોય તેવો ભાસતો હતો, પેલાં ફળિયામાંનો લાલ ચંપો ચટાકેદાર થઈ ગયો તો ઘરે ઘરે ઊગેલી રંગબેરંગી બોગનવેલ દ્રશ્યમાં ખૂટતાં તમામ રંગો ભરી રહી હતી - ગુલાબી, કેસરી, સોનેરી..!

ભલેને માવઠું કહો કે જે ગમે તે કહો, બસ, એક જ વરસાદ વ્હાલનો શું વરસ્યો કે ચોતરફ રંગોએ એનું સામ્રાજ્ય બિછાવી દીધું!

મારી આસપાસ બિછાઈ ગયેલાં સૂકાં પર્ણોને એકઠાં કરી હું ફરી બારીમાં આવી અને ધીમેથી મેં પ્રકૃતિને કહ્યું,

"રંગોત્સવની વધાઈ હો..!"

~ મનીષા મહેતા(ધરા) તા:૬/૩/૨૩

****†**************************

**NOG:SS:NO.:0101**

વિષય : રંગોત્સવ
પ્રકાર : ગદ્ય
શબ્દો : ૨૬૦
શીર્ષક: સફેદમાં સાત રંગના શમણાં
નામ: ભરત સાંગાણી

રંગો જીવનના અંગો છે. હોળી-ધુળેટી રંગોનો તહેવાર છે. દરેક રંગોની આગવી વિશિષ્ટતા છે, તેવી જ રીતે જીવન પણ નવરસથી વ્યાપ્ત છે. રંગો ગુસ્સો, ગુણો, આનંદ, સત્ય, વીરતા, શાંતિ, ડહાપણ, ઈર્ષ્યા વગેરે ભાવોને વ્યક્ત કરે છે તે તે ભાવોમાં જીવન વહેતું રહે છે.

ભારતમાં મનાવવામાં આવતાં સૌથી શાનદાર તહેવારોમાં હોળીની ભાત અલગ છે. ધર્મ અને ઉત્સવનો સંગમ છે.

હોળી વિષેની એક કથા પ્રહલ્લાદ અને હોલિકાથી તો આપણે સૌ પરિચિત છીએ જ.

હોલિકા સળગી ગયાં અને પ્રહલ્લાદ બચી ગયાં.

હોલિકા દહન એટલે માનવમાં રહેલી આસુરી વૃત્તિનું દહન અને દૈવી શક્તિ, પ્રભુની કૃપા શક્તિનો વિજય.

વસંતના આગમનને વધાવવાનું હોળી નિમિત્ત છે. ભારતીય સંસ્કૃતિનું સદાબહાર ગીત છે. ખેતરોમાં લહેરાતાં પાકની જેમ યુવાન હૈયાંઓમાં વસંત ખીલી ઉઠે છે.

મહાસુદ પાંચમ-વસંત પંચમીથી વસંત ઋતુનું આગમન થાય છે. વસંત પંચમીથી ફાગણ સુદ પૂનમ સુધીના ચાલીસ દિવસ પર્યંત વસંત વિજય-વસંતોત્સવ મનાવવામાં આવે છે. કોયલના મીઠા ટહુકા વાતાવરણને આનંદથી ભરે છે. ઢોલીના ઢોલ સાથે ગવાતાં ફાગણના ફાગ અને ધુળેટીના રંગોમાં ઝૂમી ઉઠતાં નર-નારીઓ ઉત્સવ ઘેલાં બને છે.

આ આનંદોત્સવ એકધારી જીવાતી જિંદગી માટે બ્રેક છે. સ્મિતનો કેકારવ છે. મજા, મશ્કરી, મોજીલાપણાની જિંદગીના મીત છે.

હોલિકા ઉત્સવના બીજે દિવસે ફાલ્ગુની નક્ષત્રમાં શ્રીપ્રભુ ડોલમાં બિરાજે છે. આંબાના વૃક્ષની ડાળે ઝુલો બાંધી આંબાના પાનથી તેને સજાવવામાં આવે છે. આ ઝૂલમાં શ્રીકૃષ્ણ રાધિકા સાથે બિરાજી ઝૂલે છે. વ્રજ ગોપીજનો તેમને વિવિધ રંગે રંગી અનેક પ્રકારે ખેલાવે છે. પિચકારીમાં કેસૂડાનો રંગ ભરી અરસપરસ ભીંજવી, પ્રેમીજનો, સ્નેહીજનો, એકબીજાને આનંદરસમાં તરબોળ કરે છે.

ધૂળેટીના તહેવારમાં એકબીજાને ગુલાલ લગાવી અને રંગ છાંટવો, એ સામાજિક મેળ મિલાપ અને ભાઈચારાનું પ્રતિક છે.

ભરત સાંગાણી
તા. ૦૬/૦૩/૨૦૨૩.

*********************************

**NoG:SS NO 136**

વિષય રંગોત્સવ
પ્રકાર પદ્ય
શબ્દો
શીર્ષક ગુલાલ

આજ ઉડે છે ગુલાલ વીરપુર માં,
સહુ મનાવે છે ધુળેટી વીરપુરમાં.
ભાઈ ચારો જુઓ આજ વીરપુરમાં,
વેરઝેર નથી કોઈ વીરપુરમાં.
થાય દહન હોલિકા આજ વીરપુરમાં,
ભક્તો કરે દર્શન આજ વીરપુરમાં.
આનંદ થાય આજ વિરપુરમાં
ગુલાલ ઉડે આજ વીરપુરમાં
ધુળેટીની શુભકામના અપાય વિરપુરમાં,
વડીલોના આર્શીવાદ લેવાય વિરપુરમાં.

હિમાંશી પંડિત નિર્મોહી

# ‘સરકાર અધિગ્રહિત મંદિરોમાં ભેદભાવ શા માટે ?’ આ વિષય પર વિશેષ સંવાદ !

**જો સરકાર ધર્મનિરપેક્ષ છે, તો પછી સરકારે મંદિરોની જેમ જ મસ્જિદો, ચર્ચોનું પણ અધિગ્રહણ કરવું ! - પરમહંસ ડો. અવધેશપુરી મહારાજ, ઉજ્જૈન**



સમગ્ર દેશનાં વિવિધ પ્રસિદ્ધ દેવસ્થાનોમાં ખાસ કરીને સરકારે અધિગ્રહિત કરેલા દેવસ્થાનોમાં દર્શન, આરતી માટે વિવિધ પ્રકારના શુલ્ક લઈને ભક્તોમાં ભેદભાવ કરવામાં આવી રહ્યો છે. શાસ્ત્રીય અને બંધારણની દૃષ્ટિએ પણ ભક્તોને અસમાનતાની વર્તણૂક આપવી ભૂલભરેલું છે. સરકારે ભક્તોની શ્રદ્ધા, ભાવનાઓ સાથે રમત કરવી નહીં. રાજકીય નેતાઓ, પ્રશાસકીય ક્ષેત્રમાંના લોકો બંધારણની ધર્મનિરપેક્ષતાના સોગન લે છે, તેઓ મંદિરમાંની ધર્મસાપેક્ષ બાબતોમાં કેવી રીતે માથું મારી શકે ? તેનો ઉત્તર કોઈ આપશે ખરાં ? સરકાર કેવળ હિંદુઓનાં મંદિરો નિયંત્રણમાં શા માટે લે છે ? સરકાર જો ધર્મનિરપેક્ષ છે, તો સરકારે મંદિરોની જેમ જ મસ્જિદો, ચર્ચોનું પણ અધિગ્રહણ કરવું, એવું સ્પષ્ટ પ્રતિપાદન ઉજ્જૈન, મધ્યપ્રદેશ ખાતેના ‘સ્વસ્તિક પીઠ’ના પીઠાધીશ્વર પરમહંસ ડૉ. અવધેશપુરી મહારાજે કર્યું. તેઓ હિંદુ જનજાગૃતિ સમિતિ વતી આયોજિત ‘સરકાર અધિગ્રહિત મંદિરોમાં ભેદભાવ શા માટે ?’ આ વિષય પરના વિશેષ સંવાદમાં બોલી રહ્યા હતા.

જળગાવ ખાતેના અમળનેર મંગળગ્રહ સેવા સંસ્થાના અધ્યક્ષ શ્રી. દિગંબર મહાલેએ કહ્યું કે, પોતાના વિવિધ ત્રાસોના નિવારણ માટે ભક્ત મંદિરમાં આવતો હોય છે. મંદિરમાં આવેલા ભક્તોની શ્રદ્ધાને પૈસા દ્વારા માપવામાં આવે છે, ત્યારે તે મંદિર પ્રશાસન ભક્તને ત્રાસ આપે છે, આ બાબત દુર્ભાગ્યપૂર્ણ છે ! તેનો વિરોધ કરવો જોઈએ. અન્ય પંથીઓ તેમનાં પ્રાર્થનાસ્થળોનું સરકારીકરણ થવા દેતા નથી; પરંતુ હિંદુઓએ તે થવા દીધું. જો મંદિર વ્યવસ્થામાંની ભૂલભરેલી બાબતો રોકવી હોય, તો હિંદુઓએ એકત્રિત થઈને કૃતિ કરવી જોઈએ.

હિંદુ જનજાગૃતિ સમિતિના મધ્યપ્રદેશ અને રાજસ્થાન રાજ્ય સમન્વયક શ્રી. આનંદ જાખોટિયાએ કહ્યું કે, હિંદુઓનાં મંદિરો અધિગ્રહિત કરનારી સરકાર મસ્જિદોમાંના ઈમામોને બહોળું વેતન આપે છે; પણ હિંદુ પૂજારીઓ ભણી દુર્લક્ષ કરે છે. જ્યાં ધન-સંપત્તિ મોટા પ્રમાણમાં ભેગી થાય છે એવાં જ મંદિરો સરકારે પોતાના નિયંત્રણ હેઠળ લીધાં છે. આજે કેવળ કૉંગ્રેસ જ નહીં, જ્યારે વિવિધ પક્ષોની સરકારોએ હિંદુઓનાં મંદિરો નિયંત્રણમાં લીધાં; પરંતુ અન્ય પંથીઓ તેમનાં પ્રાર્થનાસ્થળોનો વહીવટ પોતે જ ચલાવી રહ્યા છે, આ હિંદુઓ પર અન્યાય છે. સમગ્ર દેશમાં સરકારીકરણ કરેલા અનેક મંદિરોમાં મોટા પ્રમાણમાં ભ્રષ્ટાચાર કરવા સાથે જ હિંદુઓની ધાર્મિક પરંપરાઓ પર પ્રહાર કરવામાં આવી રહ્યા હોવાનું માહિતીના અધિકાર દ્વારા સામે આવ્યું છે. હિંદુ ભક્તો, મંદિરના ન્યાસીઓ અને હિંદુ સંગઠનોનું જો વ્યાપક સંગઠન થાય, તો મંદિરોની બાબતમાં થઈ રહેલી ભૂલ ભરેલી કૃતિઓ રોકી શકાશે.

આપનો નમ્ર,
શ્રી. રમેશ શિંદે
રાષ્ટ્રીય પ્રવક્તા, હિંદુ જનજાગૃતિ સમિતિ
સંપર્ક : ૯૯૮૭૯૬૬૬૬૬

# ઝુકેગા નહિ સાલા : જેલવાસ બાદ પણ દેવાયત ખવડનો વટ જોવા જેવો

ભાવનગર,તા.૬

રાજકોટમાં મારામારીના કેસમાં જેલવાસ ભોગવીને આવેલા લોકસાહિત્યકાર દેવાયત ખવડનો ગઈકાલે ભાવનગરમાં પ્રથમ ડાયરો યોજાયો હતો. દેવાયત ખવડે લોકડાયરામાં કહ્યું, જેલમાં નીકળ્યા બાદનો મારો પ્રથમ ડાયરો છે. જોકે, આ ડાયરામાં દેવાયતનો વટ જોવા મળ્યો હતો. તેણે કહ્યુ હતું કે, હજુ પણ કહું છું ઝુકેગા નહિ સાલા. રવિવારના રોજ ભાવનગરના કોલંબા ધામ ખાતે ડાયરો યોજાયો હતો. ડાયરામાં કિર્તીદાન ગઢવી, રાજભા ગઢવી, દેવાયત ખવડ સહિતના કલાકારો હાજર રહ્યા હતા.ભાવનગરના પાલિતાણામાં ગઈકાલે કમળાઈ માતાજીના મંદિર ખાતે લોકડાયરાનું આયોજન કરાયું હતું. લોકસાહિત્યકાર દેવાયત ખવડનો જેલવાસ બાદનો આ પ્રથમ લોકડાયરો હતો. જેમાં દેવાયત ખવડે જમાવટ કરી હતી. દેવાયત ખવડ પર પહેલાની જેમ જ રૂપિયાનો વરસાદ થયો હતો. દેવાયતે લોકડાયરામા રંગત જમાવી હતી. ૭૨ દિવસ જેલવાસ બાદ લોકડાયરામાં દેવાયત ખવડે કેટલાક નિવેદન આપ્યા હતા. સ્ટેજ પરથી દેવાયત ખવડે જણાવ્યું હતું કે, આમ તો જેલમાંથી છૂટ્યા બાદ આજે પ્રથમ ડાયરો માતાજીનાં ચરણોમાં યોજાયો છે.

NEWS OF GANDHINAGAR_P-3

# અંબાજી મંદિરમાં છ દાયકાથી આસ્થા સ્વરૂપે અપાતો મોહનથાળ પ્રસાદ અવિચારી નોટબંધીની જેમ અચાનક બંધ કરવા સામે આજે અંબાજી ખાતે કોંગ્રેસ પ્રતિનીધી મંડળ દ્વારા આવેદન

**☐ ચીકી માફિયાઓને ફાયદો કરાવવા મોહનથાળનો પ્રસાદ બંધ કરાવવાનો કારસો. : - હેમાંગ રાવલ**

**☐ જો ભાજપ સરકાર દ્વારા મોહનથાળ પ્રસાદ ચાલુ કરવાનો નિર્ણય નહીં લેવામાં આવે તો ધાર્મિક સંસ્થાઓ અને પગપાળા સંઘોને જોડે રાખીને અંબાજીમાં સમાંતર મોહનથાળ પ્રસાદ વિતરણનું આયોજન કરીને સ્થાનિક બહેનોને રોજગારી આપવામાં આવશે : - હેમાંગ રાવલ**

**☐ ભાજપ સરકારના હસ્તકના મંદિરોમાં ભક્તોના દાનના નાણાંનો બેરોકટોક વ્યય અને અધિકારીઓની ધાર્મિક પરંપરા તોડતી મનમાની: હેમાંગ રાવલ**





અંબાજી,

આજરોજ અંબાજી ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કો કન્વીનર પ્રવક્તા શ્રી હેમાંગ રાવલની આગેવાનીમાં શ્રી આરાસુરી અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ ના અધિકારીઓને મોહનથાળ પ્રસાદ ચાલુ કરાવવા માટે આવેદનપત્ર આપવામાં આવ્યું આ આવેદનપત્ર આપવાના કાર્યક્રમમાં મોટી સંખ્યામાં કોંગ્રેસના આગેવાનો, કાર્યકર્તાઓ, સ્થાનિકો અને મોહનથાળ પ્રસાદ બનાવવાની કામગીરીમાં કામ કરતી આદિવાસી મહિલાઓના પ્રતિનિધિઓ પણ જોડાયા હતા અને સત્તાવાળાઓને સદબુદ્ધિ મળે એ હેતુથી અંબે માતાજીની ધૂન અંબેમાંના ચાચરચોકમાં બોલાવવામાં આવી હતી.

અંબાજી ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કો-કન્વીનર અને પ્રવક્તાશ્રી હેમાંગ રાવલે જણાવ્યું હતું કે, ગુજરાતમાં અંબાજી મંદિર એ લાખો - કરોડો ભક્તોની આસ્થાનું એક પવિત્ર સ્થાન છે. આ મંદિરનો વહિવટ ગુજરાત સરકાર હસ્તક કલેક્ટર બનાસકાંઠા કરી રહ્યાં છે. એજ પ્રમાણે ગુજરાતના પ્રતિષ્ઠિત જુદા જુદા મંદિરોનો વહિવટ પણ ભારતીય જનતા પાર્ટીની સરકાર કરી રહી છે. ઉપરોક્ત દેવસ્થાન ટ્રસ્ટોમાં વારંવાર ગેરરીતિ, અણવહિવટ અને ધાર્મિક પરંપરા તોડતા અધિકારીઓ પોતાની રીતે મનસ્વિ નિર્ણયો લઈ રહ્યાં છે.

અંબાજી મંદિરમાં દોઢ વર્ષ પહેલાં જે મોહનથાળ પ્રસાદનું પેકેટ ૧૦ રૂપિયામાં મળતું હતું તેના પર ક્રમશઃ ભાવવધારો કરી અત્યારે ૧૮ રૂપિયા અને ૨૫ રૂપિયા સુધી કરી નાંખવામાં આવ્યો. એટલે કે ૧૫૦% નો તોતીંગ ભાવ વધારો મોંઘવારીનું બહાનું કરીને વસૂલવામાં આવી રહ્યો હતો. આ સાથે છ-આઠ મહિના પહેલા ચીકીનો પ્રસાદ પણ વેચવાનું ચાલુ કરવામાં આવ્યું. એક તરફ વીસ કરોડનો મોહનથાળ પ્રસાદ વેચાય અને બીજી તરફ એક-દોઢ કરોડનો ચીકી પ્રસાદ વેચાતો હતો. ભારતમાં જેમ અવિચારી નોટબંધી અચાનક લાગુ કરવામાં આવી તેમ અવિચારી રીતે છેલ્લા છ દાયકાથી પરંપરાગત અને કરોડો ભક્તોની આસ્થા સમાન મોહનથાળનો પ્રસાદ વેચવાનો બંધ કરી દેવામાં આવ્યો. સ્વાભાવિક છે કે, ચીકી પ્રસાદમાં કમાણી ખુબ જ હોવાથી આ પ્રકારનો અવિચારી નિર્ણય લેવામાં આવ્યો છે. મંદિરમાં ૨૫ રૂપિયામાં વેચાતો ચીકી પ્રસાદ એક બોક્ષમાં આપવામાં આવે છે કે જેમાં ચાર નંગ ચીકી હોય છે. આવા જ પ્રકારની એક નંગ ચીકી બજારમાં બે રૂપિયામાં અનબ્રાન્ડેડ અને પાંચ રૂપિયામાં બ્રાન્ડેડ કંપનીની વેચવામાં આવે છે કે જેમાં સમગ્ર ભારતમાં ટ્રાન્સપોર્ટેશન ખર્ચ અને જી.એસ.ટી. પણ સામેલ હોય છે આનાથી એ સમજી શકાય છે કે, મોહનથાળ પ્રસાદ કરતા ચીકી પ્રસાદમાં વધારે કમાણી હોય છે. ચીકી પ્રસાદના ચસકા એ ધન કમાવવાના નુસખા સાબિત થઈ રહ્યાં હોય તેમ લાગી રહ્યું છે.

અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા ભક્તોએ આપેલા દાનના નાણાં છેલ્લા ૧૧ વર્ષમાં ૨૧ લાખથી વધુ રૂપિયા વી.આઈ.પી. મહેમાનો, મંત્રીઓ, અધિકારીઓ, મંત્રીઓના સગાઓ, અધિકારીઓના સગાઓ, સંબંધિઓની ખાવા-પીવાની સરભરા માટે વાપરી નાખવામાં આવ્યાં. જેની માહિતી આર.ટી.આઈ. દ્વારા મેળવવામાં આવેલી છે.

અંબાજી ખાતે મુખ્યમંદિર સિવાય બીજા ૬૧ મંદિરો દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા સંચાલન કરવામાં આવે છે. જેની મુર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા પણ કરવામાં આવી છે. ૫૧ શક્તિપીઠ મંદિરનું ઉદઘાટન ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ કરેલ હતું. આ એકપણ મંદિરોમાં માતાજીને થાળ કે ભોગ ધરાવવામાં આવતો નથી. શાસ્ત્રોક્ત વિધીવિધાન મુજબ પ્રાણપ્રતિષ્ઠા કરેલી મુર્તિઓને જીવંત ગણી તેમને થાળ ધરાવવો ફરજીયાત હોય છે. થાળ તો ઠીક પરંતુ માતાજીની સાડીઓ પણ રોજ શણગારીને બદલવામાં નથી આવતી. ઉપરોક્ત ૬૧ મંદિરોમાં માત્ર ૩૫ પુજારી સેવા આપી રહ્યાં છે. મુખ્યમંદિરમાં રોજ સરેરાશ ૧૦૦ થી વધારે સાડીઓ ભેટમાં શ્રધ્ધાળુઓ આપી રહ્યાં છે.

માત્ર વહિવટી કુશળતા હોય તો આજ સાડીઓ એ બાકીના મંદિરમાં માતાજીને ચઢાવી શકાય. એજ પ્રમાણે ગબ્બરમાં લાઈટ અને સાઉન્ડ શો દરમ્યાન માતાજીની દિપ આરતી માટે ૧૦ રૂપિયા કોઈપણ જાતના ઠરાવ કે આદેશ વિના 'શક્તિ સેવા કેન્દ્ર ટ્રસ્ટ' દ્વારા વસુલવામાં આવી રહ્યાં છે. આ ટ્રસ્ટને અંબાજીની ઘણીખરી મોકાની જમીનો પણ આપી ફાળવી દેવામાં આવ્યાં છે અને તેમાં પણ એક મોટુ કૌભાંડ હોય તેવુ લોકમુખે ચર્ચાઈ રહ્યું છે. થોડા સમય પહેલા અંબાજી મંદિરના પટાંગણમાં આવેલી યજ્ઞશાળામાં માઈક પર બોલાતા શ્લોક ધ્વનિ પ્રદુષણ ફેલાવી રહ્યાં છે એમ કહીને માઈક અને સ્પીકર ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો તેનો પણ ઉગ્ર વિરોધ થયો હતો અને અધિકારીઓએ પાછીપાની કરવી પડી હતી. લાખો - કરોડો ભક્તોની આસ્થા સમાન અંબાજી મંદિરમાં મોહનથાળ પ્રસાદ બંધ કરવાનો અવિચારી નિર્ણય જો પાછો ખેંચવામાં નહીં આવે તો સ્થાનિકો, વિવિધ પગપાળા મંડળો અને શ્રધ્ધાંળુઓને સાથે રાખીને ઉગ્ર આંદોલન - ધરણાં - પ્રદર્શન અને આશ્ચર્યજનક દેખાવો કરવામાં આવશે.

અંબાજી ખાતે ઉપરોક્ત આવેદન પત્ર આપવાના કાર્યક્રમમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કો કન્વીનર અને પ્રવક્તા હેમાંગ રાવલ, સોશિયલ મીડિયા ડિપાર્ટમેન્ટના કોર્ડીનેટર શ્રી જીગર મહારાજ, બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખ શ્રી ડામરાજી રાજગોર, અંબાજી શહેર કોંગ્રેસ પ્રમુખ તુલસીભાઈ જોશી, મહેસાણા શહેર કોંગ્રેસ પ્રમુખ શ્રી ભૌતિક ભટ્ટ, મહેસાણા જિલ્લા કોંગ્રેસ સમિતિના મહામંત્રી શ્રી પાર્થ રાવલ, કોંગ્રેસ અગ્રણી શ્રી પ્રકાશ શાહ, એન.એસ.યુ.આઈ યુવા અગ્રણી શ્રી ભવાનીસિંહ રાઠોડ અને મોટી સંખ્યામાં આગેવાન શ્રીઓ અને કાર્યકર્તાઓ જોડાયા હતા.

## ગુજરાત માહિતી આયોગ દ્વારા મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામક વેરાવળ ને ૧૫ હજાર નો દંડ

### અરજદાર રસિક ચાવડા દ્વારા ની દલીલો ને માન્ય રાખતું આયોગ

જાહેર માહિતી અધિકારીશ્રી દ્વારા કરવામાં આવેલ રજૂઆત તેમજ, વિવાદીશ્રી દ્વારા તા.૨૦/૦૬/૨૦૨૨ના પત્રથી આયોગને મોકલાવેલ લેખિત રજૂઆતમાં જણાવ્યા મુજબ, જાહેર માહિતી અધિકારીશ્રી દ્વારા તા.૧૬/૦૮/૨૦૨૧ના રોજ, અરજદારશ્રી દ્વારા માંગવામાં આવેલ માહિતી, સંવેદના ડેવલપમેન્ટ ફાઉન્ડેશન, દેલવાડા રોડ, વિજય સિનેમા સામે, ઉનાના પ્રમુખશ્રી તરીકે માંગવામાં આવેલ હોઇ, અરજદારશ્રી દ્વારા માંગવામાં આવેલ માહિતીનો, તા.૨૨/૧૦/૨૦૨૧ના જાહેર માહિતી અધિકારીશ્રીના પ્રત્યુત્તરથી કલમ-૩ મુજબ અસ્વીકાર કરવામાં આવેલ છે. તેમજ વિવાદીશ્રીને, માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ના નિયમો અનુસાર વિનામૂલ્યે દિન-૧૦માં માહિતી પૂરી પાડવા, પ્રથમ અપીલ અધિકારીશ્રી દ્વારા આદેશ કરવામાં આવેલ હોવા છતાં, જાહેર માહિતી અધિકારીશ્રી દ્વારા પ્રથમ અપીલ અધિકારીશ્રીના આદેશનું પાલન કરેલ નથી.

વિવાદીશ્રીની તા.૧૬/૦૮/૨૦૨૧ની નમૂના-"ક" ની અરજી વંચાણે લેતા, તેઓ દ્વારા, સંવેદના ડેવલપમેન્ટ ફાઉન્ડેશનના પ્રમુખશ્રી તરીકે, માહિતીની માંગણી કરેલ હોવાનું જણાતુ નથી.

પરંતુ, તેઓ દ્વારા, (અરજદારશ્રી તરીકે) તેઓની સહીથી નમૂના-"ક"ની અરજી કરેલ છે. તથા વિવાદીશ્રી દ્વારા, તેઓની નમૂના-"ક"ની અરજીમાં ઉલ્લેખ કરેલ તા.૨૪/૦૨/૨૦૨૦ની, મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામકશ્રી, વેરાવળને કરેલ રજૂઆત અન્વયે, થયેલ કાર્યવાહી અંગેની માહિતી માંગેલ છે. જે પત્રની નકલ, તેઓની નમૂના-"ક"ની અરજી સાથે બિડાણ કરેલ છે. જે તા.૨૪/૦૨/૨૦૨૧નો પત્ર, વિવાદીશ્રી દ્વારા, સંવેદના ડેવલપમેન્ટ ફાઉન્ડેશન, દેલવાડા રોડ, વિજય સિનેમા સામે, ઉના, જી.જુનાગઢ ના પ્રમુખશ્રી તરીકેના લેટર પેડ પર પાઠવેલ કરેલ હોવાનું જણાય છે. આમ, જાહેર માહિતી અધિકારીશ્રી દ્વારા, વિવાદીશ્રીની નમૂના-"ક" ની અરજી અંગે, અભ્યાસ કર્યા વગર, તેઓના તા.૨૨/૧૦/૨૦૨૧ના પત્રથી વિવાદીશ્રીની અરજી, માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ની કલમ-૩ મુજબ- (નાગરીક તરીકે કરેલ ન હોઇ) ઇન્કાર કરેલ છે. જે, માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ની જોગવાઇ મુજબ યોગ્ય જણાતુ નથી. જેથી આયોગ, પ્રસ્તુત કેસમાં જાહેર માહિતી અધિકારીશ્રી અને મદદૉંશ મત્સ્યોદ્યોગ નિયામકશ્રી, મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામકશ્રીની કચેરી, વેરાવળ, જી.ગીર સોમનાથ શ્રી વી.કે.ગોહીલ ને, વિવાદીશ્રીને, માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ની કલમ-૭(૧)ની જોગવાઇ મુજબ દિન-૩૦ની નિયત સમયમર્યાદામાં ઉકત અધિનિયમની જોગવાઇ મુજબ આપવાપાત્ર માહિતી પૂરી ન પાડવા બદલ, માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ની કલમ-૨૦ હેઠળ કાર્યવાહી કરવા જવાબદાર ગણે છે. અને વચગાળાનો આદેશ કરેલ હતો.

માહિતી અધિકાર અધિનયમ-૨૦૦૫ની કલમ-૭(૧)ના ભંગ બદલ, માહિતી અધિકાર અધિનિયમ

૨૦૦૫ની કલમ-૨૦(૧) હેઠળ દંડનીય કાય વાહી કરવા આયોગ એ નિર્ણય કરિયો અને આયોગ, વી.કે.ગોહેલ, જાહેર માહિતી અધિકારી અને મદદનીશ મત્સ્યોયોગ નિયામક

વેરાવળ, .ગીર સોમનાથને, માહિતી અધિકાર

અધિનયમ-૨૦૦૫ની કલમ-૭(૧)ના ભંગ બદલ, માહિતી અધિકાર અધિનયમ-૨૦૦૫ની

કલમ-૨૦(૧) હેઠળ.૧૫,૦૦૦/-(અંકે રૂપીયા પંદર હજર પૂરા)નો દંડ કરવાનો હુકમ કરેછે.

દંડની રકમ તેઓએ પોતાના ભંડોળમાંથી ભરપાઇ કરવાની રહેશે અથવા તો તેમના

પગારમાંથી કપાત કરીને ભરપાઇ કરવાની રહેશે તેઓએ સદરહુ રકમ નીચેના સદરે, તુત હુકમ

મ યેથી ૧ માસમાં જમાં કરવાની રહેશે અને દંડ ભરીયા અંગેની પહોચ/ચલણની નકલ દિન ૩૦માં

આયોગને મોકલવાની રહેશે.તેવી હુકમ કરેલ છે.

આ અંગે અરજદાર રસિક ચાવડા એ માહિતી આયોગ નો આભાર માન્યો હતો અને સત્યની જીત થઈ હોવાની જનાવ્યુ હતું.-

## કાંદિવલીમાં ડાયરો યોજાયો




કાંદિવલી વેસ્ટમાં શાંતિલાલ મોદી રોડ સ્થિત કાંદિવલી રિક્રિયેશન ક્લબ (કે આર સી)ની એન્ટરટેનમેન્ટ કમિટી દ્વારા તા. પાંચ માર્ચે સાંજે છથી દસ સુધી કેઆરસીના મેદાનમાં ભાતીગળ કસુંબલ ડાયરો યોજ્યો હતો. પ્રસ્તુતકર્તા ઓઘડ ભરવાડ અને કલાકારો ઉદય ગઢવી, રુચિ ભાનુસાલી હતા. કેઆરસીના સભ્યોને આઇ-કાર્ડ પર પ્રવેશ અપાયો હતો, જ્યારે સભ્યોના ગેસ્ટ માટે પણ વ્યવસ્થા કરાઇ હતી. બધા ડાયરો માણ્યો હતો અને લોકગીતોનો આનંદ ઉઠાવ્યો હતો.

## વૃદ્ધ, નિરાધાર માવતરોને માર્ચ-૨૦૨૩ની રાશનકીટનું વિતરણ કર્યું



વૃદ્ધાવસ્થામાં કોઈની ઓશિયાળી જિંદગી જીવવીના પડે તે માટે બગસરા, સાપર, કોલડા ગામમાં રહેતા વૃદ્ધ, અશક્ત, નિરાધાર, માવતરો કે જેમની ઉંમર થતા કામ કરી શકતા નથી તેમજ ગંભીર પ્રકારની બીમારી હોય તેવા માવતરોના જીવન નિર્વાહ માટે વિચરતા સમુદાય સમર્થન મંચ સંસ્થા દ્વારા મિત્તલબેન, અને ડિમ્પલબેનના માર્ગદર્શન હેઠળ દર મહિને રાશનકીટ આપવામાં આવે છે જેમાં આ માવતરોને કરિયાણાની બધી જ વસ્તુઓ આપવામાં આવે છે. અમરેલી જિલ્લાના સંયોજક રમેશભાઈ મકવાણા દ્વારા માર્ચ-૨૦૨૩ ની રાશનકીટનું વિતરણ કરવામાં આવ્યું. તમામ માવતરોએ હરખથી આશીર્વાદ આપી અને ખુશી વ્યક્ત કરતા બોલ્યા કે ભગવાન તમારા જેવા મદદરૂપ થનાર સૌનું ભલું કરે...

## રોજમદાર કામદારને સરકાર શ્રી ના તારીખ ૧૭/૧૦/૮૮ પરિપત્રના લાભો આપવા નામદાર ગુજરાત હાઇકોર્ટનો આદેશ

મહીસાગર,

મદદનીશ કમિશનર શ્રી ગ્રામ વિકાસ કચેરી ગાંધીનગર તથા નિયામકશ્રી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી લુણાવાડા જિલ્લા મહીસાગર ના તાબા હેઠળ ચાલતી તાલુકા વિકાસ અધિકારી તાલુકા પંચાયત આઇઆરડી શાખામાં તારીખ ૧/૫/૯૫ થી રોજમદાર તરીકે ફરજ બજાવતા કાંતિલાલ અંબાલાલ પ્રજાપતિ ની ખૂબ જ લાંબા સમયની એટલે કે ૩૭વર્ષ ની નોકરી હોવા છતાં સરકાર શ્રીના તારીખ ૧૭/૧૦/૮૮ ના પરિપત્ર મુજબ મળવા પાત્ર લાભોથી વંચિત રાખવામાં આવતા હતા જે લાભો મેળવવા અધિકારીઓ સમક્ષ વારંવાર રજૂઆતો કરવા છતાં તેઓને કોઈ યોગ્ય પ્રત્યુતર મળેલ ન હતો બાબતે અરજદારે ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશનના પ્રમુખ એ.એસ ભોઈ નો સંપર્ક કરતા ફેડરેશન દ્વારા લાગતા અધિકારીઓને સરકારના પરિપત્ર મુજબના લાભો આપવા બાબતે તારીખ ૧૪/૭/૨૨૨ ના રોજ અરજદાર તરફે રીપ્રેઝન્ટેશન કરે પરંતુ જે તે કચેરીના અધિકારીઓ તરફથી યોગ્ય પ્રત્યુતર આપવામાં ના આવતા ફેડરેશન દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ એસ સી એ નંબર ૧૯૫૧૨/૨૨ દાખલ કરવામાં આવેલ જે અરજી નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ ચાલી જતા ફેડરેશનના એડવોકેટ દિપક આર દવે દ્વારા કેસમાં પડેલા પુરાવા આધારિત દલીલો કરતા બંને પક્ષની દલીલો ધ્યાને લઇ ન્યાયમૂર્તિ સંદીપ એન ભટ્ટ સાહેબ કાંતિભાઈ અંબાલાલ પ્રજાપતિ ની નોકરીના ૩૭ વર્ષ પૂર્ણ થયા ત્યાં સુધી તેઓને નિયત કરેલ સરકારશ્રીના તારીખ ૧૭/૧૦/૮૮ ના પરિપત્ર ના લાભો સમય મર્યાદામાં આપવા અને તે લાભો બાબતે હુકમની તારીખથી ૧૦ અઠવાડિયામાં તે બાબતે ચકાસણી કરી અરજદારને તે લાભો ચૂકવવાનો આદેશ ફરમાતા અરજદારના પરિવારમાં આનંદની લાગણી પ્રવર્તી છે

ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશન
પ્રમુખ અંબાલાલ એસ ભોઈ
કાલોલ પંચમહાલ

મદદનીશ કમિશનર શ્રી ગ્રામ વિકાસ કચેરી ગાંધીનગર તથા નિયામકશ્રી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી લુણાવાડા જિલ્લા મહીસાગર ના તાબા હેઠળ ચાલતી તાલુકા વિકાસ અધિકારી તાલુકા પંચાયત આઇઆરડી શાખામાં તારીખ ૧/૫/૯૫ થી રોજમદાર તરીકે ફરજ બજાવતા કાંતિલાલ અંબાલાલ પ્રજાપતિ ની ખૂબ જ લાંબા સમયની એટલે કે ૩૭વર્ષ ની નોકરી હોવા છતાં સરકાર શ્રીના તારીખ ૧૭/૧૦/૮૮ ના પરિપત્ર મુજબ મળવા પાત્ર લાભોથી વંચિત રાખવામાં આવતા હતા જે લાભો મેળવવા અધિકારીઓ સમક્ષ વારંવાર રજૂઆતો કરવા છતાં તેઓને કોઈ યોગ્ય પ્રત્યુતર મળેલ ન હતો બાબતે અરજદારે ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશનના પ્રમુખ એ.એસ ભોઈ નો સંપર્ક કરતા ફેડરેશન દ્વારા લાગતા અધિકારીઓને સરકારના પરિપત્ર મુજબના લાભો આપવા બાબતે તારીખ ૧૪/૭/૨૨૨ ના રોજ અરજદાર તરફે રીપ્રેઝન્ટેશન કરે પરંતુ જે તે કચેરીના અધિકારીઓ તરફથી યોગ્ય પ્રત્યુતર આપવામાં ના આવતા ફેડરેશન દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ એસ સી એ નંબર ૧૯૫૧૨/૨૨ દાખલ કરવામાં આવેલ જે અરજી નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ ચાલી જતા ફેડરેશનના એડવોકેટ દિપક આર દવે દ્વારા કેસમાં પડેલા પુરાવા આધારિત દલીલો કરતા બંને પક્ષની દલીલો ધ્યાને લઇ ન્યાયમૂર્તિ સંદીપ એન ભટ્ટ સાહેબ કાંતિભાઈ અંબાલાલ પ્રજાપતિ ની નોકરીના ૩૭ વર્ષ પૂર્ણ થયા ત્યાં સુધી તેઓને નિયત કરેલ સરકારશ્રીના તારીખ ૧૭/૧૦/૮૮ ના પરિપત્ર ના લાભો સમય મર્યાદામાં આપવા અને તે લાભો બાબતે હુકમની તારીખથી ૧૦ અઠવાડિયામાં તે બાબતે ચકાસણી કરી અરજદારને તે લાભો ચૂકવવાનો આદેશ ફરમાતા અરજદારના પરિવારમાં આનંદની લાગણી પ્રવર્તી છે.

ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશન
પ્રમુખ અંબાલાલ એસ ભોઈ
કાલોલ પંચમહાલ



સરકારશ્રી દ્વારા વિટામિન્સ, મિનરલ્સ, ફાઈબર અને અન્ય પોષક તત્વોથી ભરપૂર જાડા ધાન બાજરીને ' શ્રી અન્ન 'યોજના હેઠળ પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે ત્યારે સ્વામિનારાયણ સંપ્રદાયના પ.પૂ. લાલીરાજા શ્રી ડૉ. ઉર્વશી મિશ્રા તેમજ ગુજરાતના શ્રી લક્ષ્મીનારાયણ દેવ મહિલા મંડળ ના બહેનો દ્વારા તીર્થધામ ગઢપુર ના આંગણે તારીખ ૫/૩/૨૦૨૩ ના રોજ બાજરીના રોટલા બનાવવામાં આવ્યા.સરકાર શ્રી ની ' શ્રી અન્ન ' યોજના ને પ્રોત્સાહન આપવા અને આ યોજનાની ભવ્ય સફળતાના ઉદ્દેશ્ય સાથે બનાવવામાં આવેલા બાજરીના રોટલાના કાર્યક્રમમાં એક સાથે ૩૦૦ ચૂલા ઉપર ૬૩૬૦ બાજરીના રોટલા બનાવી ' ધ ગોલ્ડન બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ' માં સ્થાન મેળવવામાં આવ્યું.

## જીટીયુ કેમ્પસ ખાતે પૂર્વ-પ્રકાશિત કોમ્પ્રિહેન્સિવ ગ્લોસરી, એન્જિનિયરિંગ (અંગ્રેજી-હિન્દી) ની ગુજરાતી આવૃત્તિ માટે સમીક્ષા બેઠકનું સમાપન



જીટીયુ કેમ્પસ ખાતે પૂર્વ-પ્રકાશિત કોમ્પ્રિહેન્સિવ ગ્લોસરી, એન્જિનિયરિંગ (અંગ્રેજી-હિન્દી) ની ગુજરાતી આવૃત્તિ માટે ૨૭ ફેબ્રુઆરી થી ૩ માર્ચ ૨૦૨૩ દરમિયાન પાંચ દિવસની સમીક્ષા બેઠક યોજાઇ હતી. આ કાર્યક્રમનું ઉદ્ઘાટન ૨૭મી ફેબ્રુઆરી ૨૦૨૩ ના રોજ કરવામાં આવ્યું હતું. શ્રી. શિવકુમાર ચૌધરીએ CSTT અને તેની વિવિધ પ્રવૃત્તિઓ વિશે માહિતી આપી હતી. આ સમીક્ષા બેઠકનો ઉદ્દેશ પૂર્વ-પ્રકાશિત કોમ્પ્રિહેન્સિવ ગ્લોસરી, એન્જિનિયરિંગની ગુજરાતી આવૃત્તિની સમીક્ષા કરવાનો હતો. આ બેઠકમાં એન્જિનિયરિંગ, ગુજરાતી અને સંસ્કૃત ભાષાઓના કુલ ૧૫ નિષ્ણાતોએ ભાગ લીધો હતો અને લગભગ ૭૦૦૦ ગુજરાતી શબ્દોની સમીક્ષા કરી હતી. આવી વારંવારની સળંગ બેઠકો દ્વારા લગભગ ૫૦,૦૦૦ ગુજરાતી સમકક્ષોની સમીક્ષા કરવામાં આવશે. ન્ઈૅ ૨૦૨૦ મુજબ, આ અનુવાદ પ્રક્રિયા માનનીય કાર્યકારી વાઇસ ચાન્સેલર પ્રો. (ડૉ.) પંકજરાય પટેલ અને રજિસ્ટ્રાર ડૉ.કે.એન.ખેર ના માર્ગદર્શન હેઠળ હાથ ધરવામાં આવી હતી. આ મીટીંગનું સંકલન જીપેરીમાંથી પ્રો. ડૉ.ઉત્સવ ગઢિયા, પ્રો.ડૉ.વિવેક પટેલ, પ્રો.ગૌરવ વ્યાસ અને પ્રો.કેદાર બધેકા દ્વારા પ્રિન્સીપાલ ડૉ. ચિરાગ વિભાકરના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

NEWS OF GANDHINAGAR_P-4